ફોગટ છે. એવી આત્મસંતોષી મુનિના મુષ્ટિજ્ઞાનની સ્થિતિમર્યાદા છે, એ ટુંકું જ્ઞાન અનુપમ છે.

૬ અંતરની રાગદ્વેષમય મોહગ્રંથિને ભેદી નાખનારૂં આત્મજ્ઞાન જેને પ્રગટ થયું હોય તેને વિવિધ શાસ્ત્રશિક્ષાઓની શી જરૂર? જો દૃષ્ટિજ અંધકારને ફેડી શકે એવી હોય તો કૃત્રિમ દીવા કરવાનું પ્રયોજન શું?

૭ મિથ્યાત્વ પર્વતની પાંખોને છેદનાર જ્ઞાનવજ્રવડે શોભિત મુનિ ઇન્દ્રની જેવો નિર્ભય છતો આનંદ નંદનમાં મ્હાલે છે. ઇન્દ્ર કરતાં પણ મુનિની સાહેબી ચડીયાતી છે.

૮ આત્મજ્ઞાન અપૂર્વ અમૃત, રસાયણ અને ઐશ્વર્યરૂપ છે.

—:-*o*-:—

## શમાષ્ટક સંક્ષિપ્ત સાર. (૬)

૧ શાન્ત વિકલ્પવાળી, દઢ સ્વભાવગ્રાહી જે જ્ઞાનની પરિપકવતા એજ શમ.

૨ કર્મની વિચિત્રતાને અણઇચ્છતો જે સ્વરૂપસત્તા વડે સહુને સ્વઆત્મા સમાનજ લેખે છે તે શાન્તાત્મા મોક્ષે જનારો છે.

૩ યોગાભ્યાસી મુનિ બાહ્ય ક્રિયાનો પણ આદર કરે પરંતુ યોગારૂઢ થયેલ અંતરક્રિયાલક્ષી મુનિ શમથીજ શુદ્ધિ કરે છે.

૪ ધ્યાનવૃષ્ટિથી દયાનદીનું શમપૂર ચડ્યે છતે કાંઠે ઉગેલાં વિકારવૃક્ષોનું મૂળથી ઉન્મૂલન-ઉચ્છેદન થાય છે.

૫ જ્ઞાન, ધ્યાન, તપ, શીલ અને સમ્યક્ત્વ સહિત છતો સાધુ પોતે એવો આત્મલાભ પામી નથી શકતો કે જેવો શાન્તાત્મા પામી શકે છે.

૬ સ્વયંભૂરમણ સાથે સ્પર્ધા કરતો અને વધતો જતો સમતારસ છે જેનામાં-એવા મુનિ સાથે સરખાવી શકાય એવી કોઈ વસ્તુ દુનિયામાં નથી.

૭ જેમનું મન રાત દિવસ ઉત્તમ શમઅમૃતથી સિંચિત રહે છે તે કદાપિ રાગવિષધરની વિષસંતતિથી દગ્ધ થતા નથી.

૮ ગાજતા જ્ઞાનરૂપી હસ્તીઓ અને નાચતા ધ્યાન રૂપી અશ્વોવાળા મુનિરાજની શમસામ્રાજ્યલક્ષ્મી જયવંતી વર્તે છે. ઈતિશમ.

——:×*×:——

### સજ્જનનાં લક્ષણ.

સુખ દુ:ખના વખતમાં, ધીરજ ધારે જેહ;
ચડતીમાં જે નવ છકે, સજ્જન માનો તેહ. ૧
ભુંડું ન ચાહે કોઇનું, ભુંડું ન બોલે જેહ;
ભુંડું ન કરે કર્મ જે, સજ્જન માનો તેહ. ૨ બાકી.

# શ્રી ચિદાનંદજી કૃત બહોંતેરીમાંથી પદ ૨૭ મું.

——:*:o:*:——

## (રાગ–બિહાગ અથવા ટોડી.)

લઘુતા મેરે મનમાની, લઇ ગુરૂગમ જ્ઞાન નિશાની. એ આંકણી.
મદ અષ્ટ જિનોને ધારે, તે દુર્ગતિ ગયે બિચારે;
દેખો જગતમેં પ્રાની, દુઃખ લહત અધિક અભિમાની. લઘુ૦ ૧.
શશી સુરજ બડે કહાવે, તે રાહુકે બશ આવે;
તારાગણ લઘુતા ધારી, સ્વર્ભાનુ[1] ભીતિ[2] નિવારી. લઘુ૦ ૨.
છોટી અતિ જોયણગંધી[3], લહે ખટરસ સ્વાદ સુગંધી;
કરટી[4] મોટાઇ ધારે, તે છાર[5] શિરપર ડારે. લઘુ૦ ૩.
જબ બાળચંદ[6] હોઇ આવે, તબ સહુ જગ દેખણ ધાવે;
પુનમ દિન બડા કહાવે, તવ ક્ષીણ કળા હોઇ જાવે. લઘુ૦ ૪
ગુરૂવાઇ[7] મનમેં વેદે, નૃપ શ્રવણ નાસિકા છેદે;
અંગમાંહે લઘુ કહાવે, તે કારણ ચરણ પૂજાવે. લઘુ૦ ૫.
શિશુ રાજધામમેં જાવે, સખી હિલમિલ ગોદ ખીલાવે;
હોય બડા જાણ નવિ પાવે, જાવે તો સીસ કટાવે. લઘુ૦ ૬
અતંર મદભાવ વહાવે, તબ ત્રિભુવનનાથ કહાવે;
ઈમ ચિદાનંદ એ ગાવે, રહણી વિરલા કોઉ પાવે. લઘુ૦ ૭

**ભાવાર્થ**—ગુરૂ મહારાજની કૃપા–પ્રસાદીરૂપે મળેલી હિતશિક્ષાથી લઘુતા–નમ્રતા-મૃદુતા–સભ્યતા આદરવામાં લાભ નીચેની વાત લક્ષમાં લેતાં સમજાયો છે.

૧ મિથ્યા અભિમાની (ઘમંડ રાખનાર) દુનીયામાં છક્કડ ખાઈ પડે છે અને ભારે દુઃખી–હેરાન થાય છે. જાતિ, કુળ, બળ, ઐશ્વર્ય, બુદ્ધિ પ્રમુખ અધિકતા (બીજા કરતાં સરસાઈ) પામી જે તેને જીરવી નથી શકતા અને મદાંધ બની તેનો દુરૂપયોગ કરે છે, તે બીચારા ભુંડા હાલે મરીને નીચી હલકી ગતિમાં જઈ પટકાય છે. ત્યાં તેને કોઈ ત્રાણ–શરણ કે આધારરૂપ થવા પામતું નથી.

૨ ચંદ્ર અને સૂર્ય જ્યોતિષમંડળમાં મોટા કહેવાય છે તો તે રાહુવડે ગ્રસાય છે, અને તારાઓ નાના–છોટા કહેવાય છે તો તેમને રાહુની કશી બીક રહેતી નથી, તેમને રાહુ નડતોજ નથી.

૩ અતિ છોટી કાયાવાળી કીડી ગંધબળથી ખટરસ સ્વાદ લહી શકે છે અને હાથી મોટાઇ ધારી સુંઢવતી પોતાનાજ માથે ધૂળ નાંખે છે.

---

૧ રાહુ. ૨ બીક. ૩ કીડી. ૪ હાથી. ૫ કચરો. ૬ બીજનો ચંદ્ર. ૭ મોટાઇ.

૪ જ્યારે પડવે કે બીજે ચંદ્રની કળા પ્રગટે છે ત્યારે સહુ કોઈ તેને દેખવા-જોવા દોડે છે, પરંતુ એજ ચદ્ર પુનમે પૂરી સોળ કળા પામી રહે છે; પછી તેની કળા ક્ષીણ (ઓછી) થવા માંડે છે, એટલે તે પ્રથમની જેમ પ્રીતિપાત્ર થતો નથી.

૫ કોઈ તેવા દુષ્ટ અપરાધ પ્રસંગે અપરાધીને શિક્ષા દેવા અંગમાં ઠીક શોભનિક ને ઉપયોગી લેખાતા કાન ને નાકને રાજા લોકો છેદાવી નાંખે છે; અને અંગમાં પગ-ચરણ સાવ નિકૃષ્ટ લઘુ લેખાય છે તેથી શિષ્ટ ને પૂજ્ય જનોનાં ચરણો પૂજાય છે.

૬ નાનું બાળક રમત ગમતમાં રાજમહેલમાં ચાલ્યું ગયું હોય તો તેમાં વસનારી અંતેઉરીઓ અને તેની દાસીઓ સુધાં ભેગી મળીને પ્રીતિથી તેને ખોળામાં બેસાડી રમાડે જમાડે છે, પણ જો કોઇ મોટી ઉમરનો અજાણ્યો માણસ હોય તો તે ત્યાં જવા પામેજ નહીં અને ભૂલે ચૂકયે કદાચ કોઇ ત્યાં ગયો હોય તો તેના જીવનું જોખમ થાય. નાના બાળકમાં નિર્દોષતા-સરલતા-પ્રસન્નતા જોઇ જાણી સહુ તેની ચાહના કરે છે અને મોટામાં ખોટી આશંકા ઉપજાવી તેનો પ્રાણ લેવા તત્પર થઇ જાય છે.

૮ જ્યારે પૂર્વોક્ત મદ અભિમાનમાત્રને ગાળી નાખવાથી નિર્મદતા-નિરભિમાનતા-વીતરાગતા આવે છે ત્યારે ત્રણ ભુવનમાં પ્રધાન-પૂજનીય પદ પામે છે. એ રીતે ચિદાનંદજી મહારાજ હિતશિક્ષા આપી છેવટે જણાવે છે કે કોઇ વિરલ સદ્ભાગી જનોજ ખરી હિતકરણી આદરી સુખી થાય છે.

**સાર બોધ**—કુલ, જાતિ, બળ, વિદ્યા, ઐશ્વર્યાદિ આઠ પ્રકારનો મદ કરનારાને લાભ કશો થતો નથી અને હાનિ તો પારાવાર થવા પામે છે. જે જે વસ્તુનો મદ કરાય છે તેજ વસ્તુથી ભવાન્તરમાં બેનશીબ રહે છે. અને જો સર્વ મદમાત્રનો જય કરવામાં આવે છે તો તીર્થંકર જેવી સર્વોત્કૃષ્ટ પદવી પણ પામી શકાય છે. ઇતિશમ્. (સ. ક. વિ.)

---

(અનુસંધાન પૃષ્ઠ ૨૦૫ થી ચાલુ.)

કલેશ કષાય કરે નહીં, વેર ન રાખે જેહ;
અવગુણ ઉપર ગુણ કરે, સજ્જન માનો તેહ. ૩
બોલ વિચારી જે વદે, બોલ્યું પાળે જેહ;
ગરીબનું રક્ષણ કરે, સજ્જન માનો તેહ. ૪
વિશ્વાસુને નહીં ઠગે, જે ગુણ-ચોર ન થાય;
નિંદા ન કરે પારકી, તે સજ્જન કહેવાય. ૫
પરગુણ ગાવે પ્રેમથી, ન કરે આપબડાઇ;
ગુણગ્રાહી સૌ વાતમાં, તે સજ્જન કહેવાય. ૬

બાકી.

# શ્રી ચિદાનંદજી કૃત બહોંતેરીમાંથી પદ ૨૮ મું.

(રાગ-ટોડી.)

**કથણી કથે સહુ કોઇ, રહણી અતિ દુર્લભ હોઇ. એ આંકણી.**
શુક રામકો નામ બખાણે, નવિ પરમારથ તસ જાણે;
યા વિધ ભણી વેદ સુણાવે, પણ અકળ કળા નવિ પાવે. કથ૦ ૧
ષટ્‌ત્રિંશ પ્રકાર રસોઈ, મુખ ગણતાં તૃપ્તિ ન હોઈ;
શિશુ નામ નહીં તસ લેવે, રસ સ્વાદત સુખ અતિ લેવે. કથ૦ ૨
બંદીજન[1] કડખા ગાવે, સુણી શૂરા સીસ કટાવે;
જબ રૂંઢમુંડતા[2] ભાસે, સહુ આગળ ચારણ નાસે. કથ૦ ૩
કહણી તો જગત મજુરી, રહણી હે બંદી હજુરી;
કહણી સાકર સમ મીઠી, રહણી અતિ લાગે અનીઠી[3]. કથ૦ ૪
જબ રહણીકા ઘર પાવે, કથણી તબ ગિણતી આવે;
અબ ચિદાનંદ ઇમ જોઇ, રહણીકી સૈજ રહે સોઇ. કથ૦ ૫

**ભાવાર્થ**—કથની-નરી વાતો તો સહુ કોઇ કરી શકે છે, પરંતુ કથનીય વિભાગમાંથી વિવેકપૂર્વક આદરવા યોગ્ય આદરવા અને તજવા યોગ્ય તજવા તરફ લક્ષ રાખનારા કોઇ વિરલ સદ્‌ભાગીજ હોય છે, એ વાત નીચેની હકીકત ઉપરથી સ્પષ્ટ થવા પામશે.

૧. જેમ ભણાવી રાખેલો પોપટ રામનું નામ લે છે ખરો પરંતુ તેનો પરમાર્થ કશો જાણતો નથી, તેમ વેદ-શાસ્ત્ર પ્રમુખ ભણી જઇ બીજાને તે સંભળાવે ખરો, પરંતુ પરમાર્થશૂન્યતાથી ખરી આત્મ-કળા (અધ્યાત્મ દશા) પામી ન શકે.

૨. છત્રીશે પ્રકારની રસોઇનાં નામમાત્ર ગણી જવાથી કંઇ ભૂખ ભાંગતી નથી. નાના બાળકને તેનું નામ ઠામ કાંઇ આવડતું ન હોય તોપણ ભૂખ લાગે ત્યારે કંઇ ખાવાનું મળતાં સુખ સંતોષ પામી જાય છે. એ રીતે કહેણી માત્રથી નહી પણ ખરી રહેણી-કરણીથીજ કાર્ય સરવાનું છે.

૩. સંગ્રામ સમયે ભાટ ચારણો શૂરાઓને અધિક શૂર ચઢાવવા 'કડખા' ગાય છે, તેથી શૂરા રણસંગ્રામમાં બહાદુરીથી લઢે છે; પરંતુ જ્યારે શસ્ત્ર અસ્ત્રથી રંગ જામે છે-માથાં કપાવા માંડે છે, તે દેખવામાં આવે છે કે તરતજ તેઓ મૂઠીઓ વાળીને સહુ પહેલાં નાસવા લાગે છે.

---

૧ ચારણભાટ વિગેરે. ૨ માથાં કપાવા માંડે ત્યારે, ૩ અનિષ્ટ-કડવી.

૪. બડી બડી વાતો કરવી અને લોકને રીઝવવા એ તો જગતની મજુરી કરવા બરાબર છે. ખરી રહેણી કરણીજ હિતરૂપ છે અને સ્વપરને સહાય રૂપ થઇ શકે છે. તેમ છતાં નરી વાતો કરવી લોકોને સાકરજેવી મીઠી લાગે છે અને ખરી રહેણી–કરણી કરવી એ અતિ અનિષ્ટ--ઝેર જેવી લાગે છે.

૫. જ્યારે જીવ ભાગ્યવશાત્ ખરી રહેણી કરણી કરતાં શીખશે ત્યારેજ તેની કથની લેખે આવશે–સફળ થશે. એમ સમજનારા જ્ઞાન અને ક્રિયારસિક જનોએ નકામી વાતોમાં અમૂલ્ય વખતને નહીં ગુમાવતાં સદ્વિવેક યોગે જે કંઇ હિત આચરણ થઇ શકે તે કરવામાંજ સંતોષ માનવો ઘટે છે. એમ ચિદાનંદજી મહારાજ આપણને હિતબુદ્ધિથી કહે છે.

**સારબોધ**—ક્રિયા ( કરણી ) વગરનું એકલું જ્ઞાન પાંગળું હોઇ બોજારૂપ થઇ પડે છે અને જ્ઞાન–સમજ વગરની એકલી ક્રિયા જડ–આંધળી લેખાય છે. પાંગળો હોઇ તે સ્વતંત્રપણે ગતિ કરી ન શકે તેમ આંધળો પણ કરી ન શકે; પરંતુ જો એકબીજાની સહાય મેળવી શકાય તો જેમ આંધળો અને પાંગળો બંને ક્ષેમ કુશળ ઇચ્છિત સ્થાને પહોંચી શકે છે તેમ જ્ઞાન અને ક્રિયાનો સહયોગ થવા પામે તો તેથી આત્માની ઉન્નતિ સરલતાથી સાધી શકાય. તે શિવાય એકલી ( સમજ વગરની આંધળી ) કરણી કે એકલું (કરણી વગરનું લુખ્ખું ) જ્ઞાન સેવવામાત્રથી આત્માની ઉન્નતિ થઇ નજ શકે. તેથી ઉચિત છે કે આત્માર્થી ભાઇબ્હેનોએ જેમ બને તેમ પ્રમાદ–મદ, વિષય, કષાય, નિદ્રા ને વિકથાદિકને તજી સમ્યગ્ જ્ઞાન અને સમ્યગ્ આચરણ તરફ અધિક અભિરૂચિ રાખવી. સમજ સાથે કરેલી શુભ કરણીથી જલદી બેડો પાર થાય છે, તે જોઈ જાણી અન્ય જનો પણ તેમ કરવા સહેજે આકર્ષાય છે.

ઇતિશમ્. (સ. ક. વિ.)

---

( અનુસંધાન પૃષ્ઠ ૨૦૫ થી ચાલુ. )

કપટ કળા જે નવ કરે, ન કરે જે અન્યાય;
સાચે રાચે જે સદા, તે સજ્જન કહેવાય. ૭
પરદુઃખ દાઝ દીલે ધરે, પર હિત કરી હરખાય;
ગુરૂ જનને દે માન જે, તે સજ્જન કહેવાય. ૮
સજ્જન સંત ને સત્પુરૂષ, છે એકાર્થી નામ;
સજ્જનના લક્ષણ થકી, દુર્જન દૂર તમામ. ૯

(સ. ક. વિ.)

# हितशिक्षाना रासनुं रहस्य.

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૮ થી.)

શ્રી ઠાણાંગસૂત્રના ત્રીજા ઠાણામાં કહ્યુ છે કે-' આ જીવ ત્રણનો ઓશીંગણુ ન થઇ શકે-તેના કરેલા ગુણનો બદલો વાળી ન શકે. તે ત્રણ કોણ ? શેઠ, ધર્મગુરૂ ને માતપિતા. માતપિતાએ કરેલા ગુણનો ઓશીંગણુ થવા માટે પુત્ર શતપાક સહસ્રપાકાદિ તૈલથી પોતાને હાથે તેમનું અભ્યંગન કરે, સુગંધી વસ્તુથી પીઠી ચોળે, પછી સુગંધી જળવડે ન્હવરાવે, સુગંધી અને સુંવાળા વસ્ત્રથી શરીર લૂહે, ઉત્તમ વસ્ત્રો પહેરાવે-સોળ શણગાર ધારણ કરાવે. અહીં પુરૂષના ૧૬ શણગાર કહે છે-

કુંછી[1] મુંછ સમરાય, મજ્જન કુંડળ કાને,
વસ્ત્ર તિલક વાણહી[2], મુકુટ મુખ શોભે પાને;
ખડ્ગ મુદ્રિકા હાથ, ચંદન અંગે લગાવે,
કમરે પટંબર સાર, છુરિકા ત્યાંહી બનાવે;
વિદ્યા વિનીત શીળે ભલા, સોળ શણગાર સોહે નરા,
કવિ ઋષભ એણીપરે ઉચ્ચરે, પુણ્ય પુરૂષ પામે ખરા.

"માથાના મુછના વિગેરે વાળ ઉતરાવી-સમરાવે ૧, મજ્જન કરે ૨, કાનમાં કુંડળ પહેરે ૩, વસ્ત્રો ઉત્તમ ધારણ કરે ૪, કપાળમાં તિલક કરે ૫, પગમાં ઉપાનહ પહેરે ૬, માથે મુકુટ પહેરે ૭, પાન વિગેરે તાંબુળ ખાઇને મુખને શોભાવે ૮, હાથમાં મુદ્રિકાઓ પહેરે ૯, ખડ્ગ ધારણ કરે ૧૦, શરીરે ચંદનનું વિલેપન કરે ૧૧, કમરે પટંબર-ઉત્તમવસ્ત્ર બાંધે ૧૨, તેમાં છરી રાખે ૧૩, ઉપરાંત વિદ્યા ૧૪, વિનય ૧૫, અને શીળ ૧૬ ને ધારણ કરે. આ પ્રમાણેના સોળ શણગારથી પુરૂષ શોભા પામે; પરંતુ ઋષભદાસજી કહે છે કે પુણ્યવાન્ પુરૂષજ ખરેખરા એ શણગારો પ્રાપ્ત કરી શકે."

ઉત્તમ પુત્ર પોતાના પિતાને યોગ્ય શણગાર સજાવે-તેની અહર્નિશ ભક્તિ કરે, તેને પૂછીને કાંઇપણ વાત કરે, નિરંતર નમસ્કાર કરે, પિતાના જમ્યા પછીજ જમે, જમતી વખત પોતાની સારી શક્તિ હોય તો રૂપાનો પાટલો માંડી બેસાડે, આગળ ભોજન માટે કરેલી બધી વસ્તુ ધરે, સોનાનો વિશાળ થાળ આગળ માંડે અને તેમાં મનગમતાં પાક અને પકવાનો પીરસે કે જે ખાવાથી જીહ્વા અને સુગંધથી નાક સુખી થાય. સિંહકેસરીઆ મોદક જમાડે. (૬૪ પ્રકારના કુસુમના રસ, ૮૪ પ્રકારના રાજદ્રવ્ય અને ૧૬ પ્રકારના

૧ કુંછ-કેશ-માથાના વાળ. ૨ મોજડી-પગરખાં.

સુગંધી વાસ નાખવાથી સિંહકેસરીઆ મોદક બને છે). શાળ, દાળ, અઢાર જાતિનાં શાક ઇત્યાદિ પીરસે. એ રીતે જમી રહ્યા પછી સુગંધી ને નિર્મળ જળ વડે હાથ ધોવરાવે; પછી કર્પૂરવાસિત સુગંધી પાન (તાંબૂળ) આપે. ત્યારબાદ ઉત્તમ ગાયન અને વાજીત્રાદિ સંભળાવી પ્રસન્ન કરે. કદી માતપિતાને પગે અડચણ હોય તો જાવજ્જીવ સુધી તેમને પોતાને ખભે ઉપાડીને ફેરવે, તીર્થયાત્રાઓ કરાવે. આ પ્રમાણે ભક્તિ કરે તો હે પ્રભુ ! માતપિતાનો ગુણ ઓશીંગણ થાય ?' એમ શ્રી ગૌતમ સ્વામીએ પૂછવાથી પ્રભુ કહે છે કે-'ન થાય.' ગૌતમ સ્વામી પૂછે છે કે-'ત્યારે શી રીતે ગુણ ઓશીંગણ થાય ?' પ્રભુ કહે છે કે-'હે ગૌતમ ! જો માતપિતાને ધર્મ પમાડે તો ગુણ ઓશીંગણ થાય.'

હવે શેઠના ગુણ ઓશીંગણ થવા ઉપર એક દૃષ્ટાંત કહે છે—

કોઇ એક વ્યવહારી પોતાની વખારે આવીને બેઠો છે. તેના વાણોતરો પણ બધા બેઠા છે. તેવામાં એક કુમાર (બાળક) માગવા આવ્યો. શેઠને તેની વાત સાંભળતાં તેના પર દયા આવી. છોકરાએ કહ્યું કે-'મારા માતાપિતા મારી નાની વયમાં દેવલોકે ગયા છે, મારી પાસે જે કાંઈ ધન હતું તે પણ બધું મેં ખોઇ નાખ્યું છે, આજીવિકાનું કાંઈ પણ સાધન મારી પાસે નથી; તેથી હું ઘરે ઘરે ફરૂં છું. માટે જો આપને દયા આવે તો મને આધાર આપો.' શેઠની તેની ઉપર દયા થઈ, તેથી તેને પોતાને ત્યાં રાખ્યો અને ભોજન વસ્ત્ર પણ સારી રીતે આપ્યાં. અનુક્રમે તે છોકરો યૌવાનાવસ્થા પામ્યો એટલે શેઠે તેને પરણાવ્યો; પછી તે જૂદું ઘર માંડીને રહ્યો; પણ તે બહુ બુદ્ધિશાળી હોવાથી શેઠનો તમામ વ્યાપાર તેણે હાથમાં લીધો. શેઠે તેની ઉપર પૂર્ણ વિશ્વાસ રાખેલો છે અને તેનું વાણોતરપણું દૂર કરી ચોથો ભાગ કરી આપ્યો છે. પછી શેઠની આજ્ઞાથી તે પરદેશ વેપાર કરવા ગયો અને ઘણી લક્ષ્મી મેળવી આવ્યો. ત્યાં રહ્યો રહ્યો પણ જે કમાતો તે બધું શેઠને મોકલતો હતો, અને આવ્યા પછી જે રળ્યો હતો તે બધું શેઠની પાસે રજુ કર્યું. પછી શેઠની રજા લઈને તેણે એકલો વેપાર કરવા માંડ્યો તેમાં પણ તે સારૂં કમાયો. એટલે શેઠનું તમામ દ્રવ્ય ચુકાવી દઇને તે બીજે નગરે જઇને વેપાર કરવા લાગ્યો.

અહીં કેટલેક દિવસે દુર્દૈવના યોગથી શેઠની પેઢી ભાંગી—દીવાળું નીકળ્યું. શેઠને ખાવા પીવાના સાંસા પડવા લાગ્યા. એવી માઠી સ્થિતિ થઇ. કર્ત્તા કહે છે કે-'એમાં કાંઇ નવાઈ નથી.' જુઓ !

**દિન સઘળા સરખા નહીં, મ કરો પુરૂષ ગુમાન;**
**બ્રહ્મદત્ત ચક્રી જીરયા, ભમતાં ન મિલે ધાન. ૧**

દાધી નગરી દ્વારકા, નાઠા બાંધવ દોય;
તરશ્યો ત્રિકમ વન મુએો, માન મ કરશો કોય. ૨
સમય કર્ષણ સમય ધન, સમય સહુ સમરથ્થ;
ગોપન રાખી અર્જુને, તેહ ભાથાં તેહ હથ્થ. ૩
લજ્જા મતિ સત્ય શીળ કુળ, ઉદ્યમ વરત પલાય;
જ્ઞાન તેજ માનજ વળી, એ ધન જાતાં જાય. ૪
સાયરપુત્રી ત્રિકમ પિયુ, ચંદ્ર સરિખા ભાઉ;
લચ્છી હીંડે ઘરઘરે, મહિલા નીચ સભાઉ. ૫

'બધા દિવસો સરખા હોતા નથી. માટે હે પુરૂષો ! ગુમાન અભિમાન કરશો નહીં. બ્રહ્મદત્તચક્રી જેવા હોય તો પણ એવી સ્થિતિ કર્મયોગે પ્રાપ્ત થાય કે ઘેર ઘેર ભમતાં પણ ખાવા ધાન્ય ન મળે. જુઓ ! દ્વારિકા આખી નગરી જોતા-જોતામાં બળી ગઈ અને કૃષ્ણ ને બળભદ્ર બે ભાઈઓજ માત્ર જીવતા નીકળી શકયા; તેઓ ત્યાંથી ભાગીને વનમાં આવ્યા, કૃષ્ણને તૃષા લાગી, બળભદ્ર પાણી લેવા-શોધવા ગયા અને પાછળ જરાકુમારના બાણથી ત્રિકમ જે કૃષ્ણ તે તૃષાતુરપણે મરણ પામ્યા. માટે હે ભાઈઓ ! કોઇ માન કરશો નહીં. કારણ કે બધું સમયનું છે. અર્થાત્ વખત પ્રમાણે પ્રાપ્ત થાય છે. યોગ્ય સમયેજ ખેતી થાય છે, યોગ્ય સમયેજ ધન મળે છે, યોગ્ય સમયેજ સહુ સમર્થ થઈ શકે છે. જુઓ ! તેજ હાથ અને તેજ ધનુષ્ય છતાં અર્જુન જેવો બાણાવળી એક ગોવાળીઆથી હારી ગયો. વળી કર્તા કહે છે કે-લજ્જા, બુદ્ધિ, સત્ય, સદાચાર, કુળવાનપણું, ઉદ્યમ, વ્રત નિયમ, જ્ઞાન, તેજ ને માન-એ બધું ધન જતાં જાય છે—નાશ પામે છે. સમુદ્ર જેવો પિતા, કૃષ્ણ જેવો પતિ અને ચંદ્ર જેવો ભાઇ છતાં લક્ષ્મી ઘરે ઘરે ભટકે છે; કારણકે સ્ત્રીજાતિનો સ્વભાવજ એવો નીચ હોય છે.' ( આ લૌકિક દષ્ટાંત છે.)

અહીં શેઠની જ્યારે તમામ લક્ષ્મી નાશ પામી ત્યારે તેણે વિચાર કર્યો કે 'હવે ઘેર બેસી રહેવું ઠીક નથી, હવે તો પરદેશમાંજ જઉં કે જેથી કાંઇક પ્રાપ્તિ થાય.' કહ્યું છે કે—

દંત કેશ નખ અધમ નર, નિજ થાનક શોભંત;
સુપુરૂષ સિંહ ગયંદ મણિ, સઘળે માન લહંત. ૧

'દાંત, કેશ, નખ અને અધમ મનુષ્ય પોતાને સ્થાનકેજ શોભે છે; સ્થાનભ્રષ્ટ થયા પછી શોભતા નથી; અને સત્પુરૂષ, સિંહ, હાથી અને મણિ તો સ્વસ્થાન કે પરસ્થાન જ્યાં જાય ત્યાં શોભે છે.'

આ પ્રમાણે વિચારીને શેઠ ઘરેથી નીકળ્યા, પણ પાસે બીલકુલ દ્રવ્ય

નથી, તેથી માર્ગમાં બહુ દુઃખ પામવા લાગ્યા. અન્ન પણ દુઃખે મળવા લાગ્યું. એ પ્રમાણે ફરતાં ફરતાં તેનો પેલો વાણોતર જે બાળકપણાથી તેમની પાસે આવેલો હતો તે જ્યાં વેપાર કરે છે તે નગરે શેઠ પહોંચ્યા. બજારમાં ફરતાં તેણે શેઠને દૂરથી દીઠા એટલે તે દુકાનેથી ઉતરી શેઠ પાસે આવીને પગે લાગ્યો, અને શેઠની આવી દુઃખી સ્થિતિ જોઇને તેને બહુ લાગી આવવાથી તે શેઠને ગળે વળગીને બહુ રોયો; પછી દુકાન પર લઈ જઇ શેઠને યોગ્ય આસને બેસાડી પોતે સામો બેઠો અને પૂછયું કે-'હે સ્વામી! આપની સ્થિતિ આવી કેમ થઈ? આપના ઘરમાં સુવર્ણ, રત્ન, મણિ, મોતી, વસ્ત્રો, આભૂષણો વિગેરે પારાવાર હતાં તે બધાં કયાં ગયાં?' શેઠ કહે કે-'હે વત્સ! તું જુદો પડીને અહીં આવ્યો ત્યારપછી તારી પછવાડે મારૂં દ્રવ્ય બધું ગયું. પૂર્વનું પુણ્ય ખુટયું એટલે પછી કાંઈ પણ રાખ્યું રહ્યું નહીં. તદ્દન દરિદ્રાવસ્થા આવી, ખાવા પીવાના સાંસા પડવા લાગ્યા એટલે હું ઘર છોડીને પરદેશ નીકળ્યો.'

શેઠની આ પ્રમાણેની હકીકત સાંભળીને તે વાણોતર બહુજ રોવા લાગ્યો; છાનો રાખતા પણ રહે નહીં. એટલે તેના વાણોતરો કહેવા લાગ્યા કે-'શેઠ તે ઘેલા થઈ ગયા છે કે શું થયું છે? કે જેથી આવા એક ભીખારીને ગળે વળગીને રોયા કરે છે.' એટલે તેણે છાના રહીને સૌને બોલતાં વાર્યા અને કહ્યું કે-'એમણે તો મારી ચામડી પોષેલી છે, એના કોળીયાથી હું ઉછર્યો છું, એણે મને વેપારી બનાવ્યો છે, હું એનો વાણોતર છું અને એ મારા શેઠ છે, એના ગુણ મારા હૃદયમાં સમાતા નથી.' આ પ્રમાણે કહીને પછી શેઠને પોતાને ઘેર લઇ ગયો અને ન્હવરાવી વસ્ત્રાલંકાર ધારણ કરાવી ઇંદ્ર જેવા બનાવ્યા, ખાનપાનથી બહુ પ્રસન્ન કર્યા; પછી એક દિવસ તે વાણોતરે પોતાનાં બધા પરિવારને એકઠો કરી એક પોતીયું માત્ર પહેરી પોતાના ઘર, હાટ, વખાર, ધન, ભૂષણો-સર્વ શેઠને અર્પણ કર્યું અને પગે લાગ્યો.

આ પ્રમાણેની વાત કરી ગૌતમસ્વામીએ હર્ષિત થઇને પ્રભુને પૂછયું કે-'હે પ્રભુ! હવે તે વાણોતર ઓશીંગણ થયો?' પ્રભુ કહે છે કે-'આ પ્રમાણે કરવાથી ઓશીંગણ ન થાય, પણ જો શેઠને ધર્મ પમાડે તો ઓશીંગણ થાય.'

હવે પેલા વાણોતરે શેઠને કહ્યું કે-'હે પિતાજી! આ ઋદ્ધિ બધી હું જૈન ધર્મના પસાયથી પામ્યો છું, માટે તમે જૈન ધર્મનું આરાધન કરો.'

આ પ્રમાણે કહીને તે શેઠને મુનિરાજ પાસે લઈ ગયો અને જૈન ધર્મ સંભળાવ્યો. એટલે શેઠ ધર્મ પામ્યા અને દરરોજ સામાયક પ્રતિક્રમણ કરવા લાગ્યા, વ્યાખ્યાન સાંભળવા લાગ્યા, જિનપૂજા કરવા લાગ્યા; વાણોતર શેઠની છાંયામાં રહીને વેપાર કરવા લાગ્યો અને જે કમાય તે શેઠને આપી બદલો

વાળવા લાગ્યો. અનુક્રમે શેઠ ઘણા ધનવાન થયા. જૈન ધર્મ ઉપર પૂરેપૂરી આસ્તા બેઠી એટલે ઉત્તમ કાર્યોમાં શેઠે પુષ્કળ દ્રવ્ય વાપર્યું. પ્રાંતે દીક્ષા લીધી અને સદ્ગતિ પામ્યા.

આટલી વાત થયા પછી ફરી ગૌતમસ્વામીએ પૂછયું કે–'હવે તે વાણોતર ઓશીંગણ થયો ?' પ્રભુએ કહ્યું કે–'હા, થયો.'

આ ગુણ ઓશીંગણ થવા ઉપર બીજો ભેદ કર્ત્તાએ કહ્યો. હવે ગુરૂનો ઓશીંગણ શિષ્ય કેમ થાય ? તે ઉપર કહે છે. અપૂર્ણ.

# चिदानंदजीकृत प्रस्ताविक दुहा.

(અર્થ-રહસ્ય સાથે. અનુસંધાન પૃષ્ઠ ૧૯૪ થી)

**છિજત છિન છિન આઉખું, અંજળી જળ જ્યું મિત્ત;**
**કાલચક્ર માથે ભ્રમત, સોવત કહા અભીત. ૯**

'હે મિત્ર ! હે ધર્મબંધુ ! આયુષ્ય ક્ષણે ક્ષણે ઘટતું જાય છે, ગળતું જાય છે, ઓછું થાય છે, અને કાળચક્ર કહો કે મૃત્યુ કહો તે માથે ભમ્યા કરે છે, તે છતાં તું ભયવિનાનો થઇને કેમ સુઇ રહે છે ? તને શું મૃત્યુનો ભય લાગતો નથી અથવા શું તેં કાંઇ મૃત્યુ સાથે ભાઇબંધી કે ગોઠવણ કરી છે કે જેથી આમ નિશ્ચિંત થઇને સુઇ રહે છે ? અર્થાત્ સંસારનાં કાર્યો તેમાં રાચીમાચીને કર્યા કરે છે અને ધર્મને તો સંભારતો પણ નથી કે જે તને પરભવમાં સહાયક થઇ શકે તેમ છે.' વળી—

**તન ધન જોવન કારમા, સંધ્યારાગ સમાન;**
**સકળ પદારથ જગતમેં, સુપન રૂપ ચિત્ત આન. ૧૦**

'શરીર, ધન (દ્રવ્ય), યૌવનાવસ્થા એ સર્વ કારમા–એક ક્ષણમાં વિનાશ પામી જાય તેવાં અસ્થિર છે. તેને સંધ્યા સમયે આકાશમાં થતા વાદળાના વિચિત્ર રંગોની ઉપમા આપી છે. તેની સામે જોઇ રહીએ તો તે ક્ષણક્ષણમાં બદલાયા કરે છે અને તદ્દન જતા પણ રહે છેઃ તેમ હે મિત્ર ! આ જગતના સર્વ પદાર્થ સ્વપ્નની જેવા તારા ચિત્તમાં આણ–જાણ. જેમ સ્વપ્ન ગમે તેવું સારૂં કે માઠું આવે–સ્વપ્નમાં કદિ રાજા કે ધનવાન્ બની જવાય પણ નેત્ર ખુલી ગયાં પછી તેમાંનું કાંઇ હોતું નથી, તેમ તું આ જગતના પદાર્થ માટે જાણ. જ્યારે તારૂં આયુષ્ય પૂર્ણ થશે ત્યારે બધું અહીં પડયું રહેશે ને તું એકલો ખાલી હાથે ચાલ્યો જઇશ, અથવા તો તારા દેખતાં દેખતાં પણ કેટલુંક નાશ પામી જશે ને કેટલુંક બદલાઇ જશે, માટે—

**મેરા મેરા કયા કરે, તેરા હે નહીં કોય;**
**ચિદાનંદ! પરિવારકા, મેળા હે દિન દોય. ૧૧**

'હે ચિદાનંદ! હે જ્ઞાનસ્વરૂપી! તેમાંજ આનંદ માનનારા આત્મા! તું મારૂં મારૂં શું કર્યા કરે છે? આ સ્ત્રી મારી, આ પુત્ર મારા, આ ઘર મારૂં, આ પરિવાર મારો, આ બંગલા મારા, આ દ્રવ્ય મારૂં, આમ કહ્યા કરે છે ને માન્યા કરે છે, પણ તેમાં તારૂં બીલકુલ નથી, કોઈ નથી, કાંઇ પણ નથી; આ પરિવારનો અને સર્વ વસ્તુનો મેળો તો બે દિવસનો છે. બે દિવસમાં અથવા અલ્પ કાળમાં તેનાથી વિયોગ થવાનો છે. કયાં તો તું તેને મેલીને જઇશ અથવા તો તે તને મેલીને જશે; તેમાં વાસ્તવિક તારૂં સાથે આવે તેવું કાંઇ પણ નથી. માત્ર ધર્મજ તારી સાથે આવનાર છે એમ સમજવાની ખાસ જરૂર છે.'

**ઐસા ભાવ નિહારતાં, કીજે જ્ઞાન વિચાર;**
**મિટે ન જ્ઞાન વિચાર વિણ, અંતર રાગ વિકાર. ૧૨**

'આ પ્રમાણેના જગતના ભાવ જોવાથી-જાણવાથી તેનો જ્ઞાનવડે વિચાર કરવાની જરૂર છે કે તેમાં હેય શું છે? જ્ઞેય શું છે? ને ઉપાદેય શું છે? એવો જ્ઞાનવડે વિચાર કર્યા વિના અંતરમાં રહેલો રાગવિકાર એટલે જગતના પદાર્થો ઉપરનો-સ્ત્રી પુત્રાદિક ઉપરનો રાગ સંબંધી વિકાર મટે તેમ નથી-નાશ પામે તેમ નથી, અને ખરી જરૂર તેનીજ છે.'

**જ્ઞાન રવિ વૈરાગ્ય જસ, હિરદે ચંદ્ર સમાન;**
**તાસ નિકટ કહો કિમ રહે, મિથ્યાતમ દુઃખ ખાણ. ૧૩**

'જેના હૃદયમાં જ્ઞાન રૂપી સૂર્ય ઉગ્યો હોય અને વૈરાગ્ય રૂપી ચંદ્ર પ્રકાશિત થયો હોય તેની નજીકમાં-તેના અંતરમાં કર્તા કહે છે કે-આ દુઃખની ખાણ રૂપ જેનાથી આ પ્રાણી સર્વ પ્રકારનાં દુઃખો પામે છે એવો મિથ્યાત્વરૂપી અંધકાર કેમ રહી શકે? કેમ ટકી શકે? જ્યાં સૂર્ય કે ચંદ્રનો ઉદય થાય-પ્રકાશ થાય ત્યાં અંધકાર રહેજ નહીં.'

**આપ આપકે રૂપમેં, માણુત મમતમળ ખોય;**
**નિત્ય રહે સમતારસી, તાસ બંધ નવિ કોય. ૧૪**

'જે પ્રાણી પોતપોતાના રૂપમાં માણે છે-વર્તે છે-આનંદ કરે છે અને મમતા રૂપ મળને ખુએ છે-તેનો નાશ કરે છે, તે પ્રાણી નિરંતર સમતારસમાં નિમગ્ન રહે છે અને તેને કર્મબંધ કોઇ પ્રકારનો થતો નથી, અર્થાત્ તે પૂર્વકૃતકર્મની નિર્જરાજ કરે છે.' મમતાને મૂકવી ને સમતાને ધારણ કરવી એ આ દુહાનો સાર છે. અનાદિ અભ્યાસ તેથી વિપરીત હોવાથી તેમ થવું મહા મુશ્કેલ છે, પણ તેમ થયા વિના-કર્યા વિના આત્માનો આ સંસારના

દુઃખમાંથી છુટકો પણ થવાનો નથી, માટે અહર્નિશ તે દશા કેમ પ્રાપ્ત થાય? તેનો વિચાર કરવો.

પરપરણતિ પરસંગશું, ઉપજત વિનસત જીવ;
મિથ્યા મોહ પરભાવકો. અચળ અભ્યાસ સદિવ. ૧૫

'આ પ્રાણી પરપરણતિ-પુદ્ગળનો સ્વભાવ-તેના પ્રસંગથી ઉપજે છે ને વિનાશ પામે છે, અર્થાત્ જન્મ મરણાદિ કરે છે. આ પ્રાણીને મિથ્યાત્વ મોહનીરૂપ પરભાવનો અચળ સદૈવ અભ્યાસ છે.' જ્યારે તે અભ્યાસ છોડશે એટલે કે મિથ્યાત્વને તજશે અને સમકિતને ભજશે, વસ્તુનું સત્ય સ્વરૂપ સમજી-આત્માના શુદ્ધ સ્વરૂપને ઓળખી તેને મેળવવા-પ્રાપ્ત કરવા પ્રયાસ કરશે ત્યારે આ આત્માનું શ્રેય થશે અને જન્મમરણના ફેરા ટળશે. તે સિવાય જ્યાંસુધી પરભાવમાં રમણતા છે ત્યાંસુધી એ દુઃખ ટળવાનું નથી. તે ઉપર કહે છે કે-

જેસે કંચુકી ત્યાગસેં, વિનસત નહીં ભુજંગ;
દેહત્યાગથી જીવ પણ, તેસે રહત અભંગ. ૧૬

'જેમ કંચુકી એટલે કાંચળી તજી દેવાથી સર્પ વિનાશ પામતો નથી, તે તો તેવો ને તેવોજ રહે છે તેમ આ જીવ પણ એક શરીરના ત્યાગથી વિનાશ પામતો નથી તે તો અભંગજ રહે છે.' અર્થાત્ આ શરીર તજીને જીવ અન્યત્ર ગયો એટલે બીજું શરીર ધારણ કરે છે; સર્વથા શરીરનો ત્યાગ તો જ્યારે સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષ પ્રાપ્ત કરે ત્યારેજ થાય છે. અપૂર્ણ.

## ભાવ વિષયક સઝાય.

રે ભવિ ભાવ હૃદયે ધરો, જે છે ધર્મનો ધોરી;
એકલમલ્લ[૧] અખંડ જે, કાપે કર્મની દોરી. રે ભવિ૦ ૧
દાન શિયળ તપ ત્રણ્ય એ, પાતક મળ ધોવે;
ભાવ જો ચોથો નવિ મળે, તો તે નિષ્ફળ હોવે. રે ભવિ૦ ૨
વેદ પુરાણ સિદ્ધાંતમાં, ષટ દર્શન ભાખે;
ભાવ વિના ભવ સંતતિ[૨], પડતાં કોણ રાખે? રે ભવિ૦ ૩
તારક રૂપ એ વિશ્વમાં, જંપે જગભાણ[૩];
ભરતાદિક શુભ ભાવથી, પામ્યા પદ નિરવાણ[૪]. રે ભવિ૦ ૪
ઔષધ આય ઉપાય જે, મંત્ર જંત્ર ને મૂળી;
ભાવે સિદ્ધ હોવે સદા, ભાવ વિણ સહુ ધૂળી. રે ભવિ૦ ૫
ઉદયરત્ન કહે ભાવથી, કોણ કોણ નર તરિયા;
શોધી જોજો સૂત્રમાં, સજ્જન ગુણ દરિયા. રે ભવિ૦ ૬

(સ. ક. વિ.)

૧ અસાધારણ સમર્થ વીર. ૨ શ્રેણિ-પરંપરા. ૩ સર્વજ્ઞ પ્રભુ ૪ મોક્ષ.

# आपणुं सीदातुं–दारिद्रावस्था भोगवतुं गरीबडुं ज्ञानक्षेत्र.

( લેખક મગનલાલ રવચંદ શાહ, હેડમાસ્તર, કણભા મુખ્ય સ્કુલ )

અનુસંધાન પૃષ્ઠ ૬૩ થી

આપણી જૈન કોમમાં સ્તંભરૂપ ધર્મપ્રદિપિ કરનાર ધનિક શ્રેષ્ઠીઓનું અઢળક દ્રવ્ય આપણી જૈન કોમની ખરેખરી ઉન્નતિ કરનાર અને ધર્મતત્ત્વદીપક સર્વોત્કૃષ્ટ જ્ઞાનક્ષેત્ર કેવળ સીદાતું પડી ગયા છતાં નવીન નવીન જિનમંદિરો બંધાવવામાં તથા જીર્ણપ્રાય થયેલાંને જીર્ણોદ્ધાર કરાવવામાં હાલના દેશકાળની સ્થિતિ વિચારતાં વધુ પડતું ખરચાતું જણાય છે. તે સંબંધી આપણે આગલા લેખમાં જોયું છે. નવીન જિનમંદિરો બંધાવવામાં તથા જીર્ણોદ્ધાર કરવામાં તેમ કરવાની ખાસ આવશ્યકતા છે કે કેમ તે વિચારવું. તે ઘણો લાંબો કાળ ટકી શકે તેવાં બને; પરંતુ તેમાં સાદાઈ જળવાઈ શકે એમ ખાસ લક્ષબિન્દુ રાખીને કામ કરવું. તેને ઘણાં મોહક અને ભભકાદાર બનાવવામાં બીનજરૂરી વધુ પડતો ઘણો દ્રવ્યવ્યય કરવામાં સુજ્ઞ સજ્જનોએ અવશ્યમેવ દીર્ઘદૃષ્ટિએ વિચાર કરવો. જૈનબંધુઓએ જીર્ણપ્રાય થઈ ગયેલા સર્વોત્કૃષ્ટ ઉન્નતિકારક જ્ઞાનક્ષેત્રનો ઉદ્ધાર પણ કરવાનો છે, એ વાત ભૂલી જવી જોઇતી નથી; અને તેમ કરવા સારૂ દરેક ક્ષેત્રની સ્થિતિ લક્ષમાં લઈને યોગ્ય પ્રમાણમાં દરેક ક્ષેત્રનો ઉદ્ધાર કરવા સારૂ દ્રવ્યનો યોગ્ય બચાવ અવશ્ય કરવો જોઈએ. જો જ્ઞાનક્ષેત્રનો સારો ઉદ્ધાર થશે તો જિનમંદિરો જીર્ણોદ્ધાર વિગેરેની આવશ્યકતા સમજનારા ઘણા પુરૂષો તૈયાર થશે, ને દરેક ક્ષેત્રનો ઉદ્ધાર કરવાની પોતાની ફરજજ છે એમ સમજીને પોતાની ફરજ બજાવનારા ઘણા જૈન ભાઇઓ નીકળી આવશે; એટલે દરેકે દરેક ક્ષેત્રનો ઉદ્ધાર સહેજેજ થઈ જશે. ઉપર જણાવ્યા પ્રમાણે સર્વથા ઉન્નતિ કરનાર જ્ઞાનક્ષેત્રને ભૂલી જઇ જિનપ્રતિમા અને જીર્ણોદ્ધાર એ બંને ક્ષેત્રોમાં કોમનું દ્રવ્ય વિશેષ ખરચાય છે. જિનપ્રતિમા અને જીર્ણોદ્ધાર એ બંને ક્ષેત્રો તરફ જૈન પ્રજાનું જેટલું લક્ષ છે તેટલું જ્ઞાનક્ષેત્ર જળહળતું કરવા તરફ નથી; પરંતુ કેવળ દુર્લક્ષ જ છે એમ કહેવામાં આવે તો સર્વથા સત્ય છે. એમ જ્યારે આપણે હાલના જ્ઞાનક્ષેત્રની સ્થિતિ તપાસીશું ત્યારે સર્વ કોઇ કબુલ કરશે. આ દોષથી તો આપણા પૂજ્ય મુનિમહાત્માઓ પણ કેટલેક અંશે દૂષિત છે. જિનમંદિરોને જળહળતા કરવા જેટલો ને જેવો તેઓશ્રીનો ઉપદેશ છે તેટલો ને તેવો જ્ઞાનક્ષેત્રનો ઉદ્ધાર કરવા માટે નથી તેનો સાક્ષીભૂત તેઓશ્રીનો પોતાનો અંતરાત્માજ થાઓ.

હવે જ્ઞાનક્ષેત્ર વિશેષ શોચનીય સ્થિતિમાં આવી પડ્યા છતાં પુણ્યશાળી ધનિક શ્રેષ્ઠીઓનું વધુ પડતું દ્રવ્ય બીજે પણ કયે કયે સ્થળે ખરચાય છે તે અત્રે વિચારવાનું છે.

મોટાં મોટાં શહેરો કે જેમાં જૈન કોમની ભારે વસ્તી છે ને જે જૈન-પુરીઓ કહેવાય છે, તેવાં શહેરોમાં **નવકારશી** જેને સ્વામીવાત્સલ્ય કહેવામાં આવે છે. આવી નવકારશીઓ જમાડવામાં આપણા ધનિક શ્રેષ્ઠીઓનું દ્રવ્ય કંઈ ઓછું વપરાતું નથી. અમદાવાદ-રાજનગર જેવા મોટા શહેરમાં એકજ નવકારશી જમાડવામાં સહેજે આજે દશ હજાર રૂપીઆ ખરચાઇ જાય. આવી નવકારશીઓ એકલા અમદાવાદ શહેરમાંજ દરવરસે દશેક જમતી હોય તો ઓછામાં ઓછા દરવરસે એકલા અમદાવાદ શહેરનાજ એક લાખ રૂપીઆ ફક્ત અમદાવાદ શહેરનાજ જૈન બંધુઓને એક ટંકનું જમણ આપી તેથી થતો સંતોષ માનવામાંજ વપરાઇ જાય છે. બીજાં છુટાં છવાયાં નાનાંમોટાં આવાંજ સ્વામીવાત્સલ્યોમાં થતો દ્રવ્યવ્યય પણ આ સાથે લક્ષમાં લેવો જોઇએ; અને બીજાં પણ શહેરો અને મોટાં તીર્થક્ષેત્રોમાં દરવરસે આવી કેટલીક નવકારશીઓ થતી હશે, ને કેટલાએ દ્રવ્યનો વ્યય થતો હશે તેનો જો એકંદર આંકડો કાઢીએ તો એકજ વરસમાં આવી રીતે વપરાતી ઘણી ભારે રકમ આપણા લક્ષમાં સહેજ આવી શકશે. તે રકમવડે આપણા જૈનોની એક મોટી જ્ઞાનક્ષેત્ર સુધારનારી સંસ્થા ઉભી થઇ શકે ને તેથી આપણી ભવિષ્યની-આગળ ઉપર ઉત્પન્ન થનારી જૈન પ્રજાને સંતોષકારક ઉન્નતિએ મૂકી શકાય. કોમનું ખરેખરૂં ધન આગળ ઉપર ઉછરનારી નવી પ્રજા છે. તેઓને શારીરિક, આર્થિક, સાંસારિક, નૈતિક, ધાર્મિક અને છેવટે ઉચ્ચ આધ્યાત્મિક કેળવણી આપી જૈન તત્ત્વોના ઉચ્ચ જ્ઞાતા-સાક્ષર અને ઉચ્ચ ચારિત્રવાન્ જૈનો બનાવવા સારૂ જેની પાસે ઘણી મોટી ભારે રકમો હોય એવી ઘણી સંસ્થાઓ હોવી જોઇએ, કે જેમાં કોઇ પણ જૈન બાળક **ફ્રી તરીકે** એટલે કંઈ પણ ખરચની રકમ આપ્યા સિવાય બીન હરકતે સર્વોત્તમ કેળવણી લઇ શકે; ને તેમ થવા સારૂ આપણા ધનિક શ્રેષ્ઠિઓના દ્રવ્યનો વ્યય આવી કેળવણી આપનારી સંસ્થાઓ સ્થાપી તેઓને ચલાવવા સારૂ ભારે ભારે રકમોનાં ઘણાં ને મોટાં ફંડો કરવામાં થવો જોઇએ. આવી સંસ્થાઓ સ્થાપવાનો વિચાર કરતાં પ્રથમ નવકારશીઓ જેને સ્વામીવાત્સલ્ય નામ આપવામાં આવે છે તે ખરેખરૂં યથાતથ્ય છે કે કેમ? તે તપાસીએ.

સ્વામીવાત્સલ્ય એ મૂળશબ્દ સહધર્મીવાત્સલ્ય શબ્દનો અપભ્રંશ શબ્દ છે, અને તેનો ખરેખરો ને સંપૂર્ણ અર્થ તો એવો છે કે પોતાના સહધર્મી

ભાઇઓ ઉપરનો નિઃસ્વાર્થ નિર્મળ અંતરંગ પ્રેમઃ એટલે પોતાના સહધર્મી ભાઈઓને કોઇ પણ પ્રકારે દીન દુઃખી જોઇને જેનું હૃદય-અંતરાત્મા દયાથી પીગળી જાય; અને તે એવી રીતે કે તેને તે દીન દુઃખી અવસ્થામાંથી મુક્ત કરીને તેની સાંસારિક તેમજ ધાર્મિક સ્થિતિ-બંને પ્રકારની સ્થિતિઓમાં તે સંતોષકારક રીતિએ સુખે સમાધીએ પોતાની જીંદગી વ્યતીત કરી શકે એવો બનાવે. આવી સ્થિતિમાં પોતાના દરેક સહધર્મી ભાઈઓને લાવી મૂકવાની અંતઃકરણની પવિત્ર અને ઉંડી લાગણીને વશ થઇ તેઓને તેવી સ્થિતિમાં આણવા પોતાનું સંપૂર્ણ વીર્ય ફોરવીને ગમે તેટલા આત્મભોગે બનતા ઉપાય લેવા તેજ ખરૂં સ્વામીવાત્સલ્ય-સહધર્મીવાત્સલ્ય છે. જેમ ઉચ્ચ કુટુંબનાં ખાનદાન માબાપોના હૃદયની લાગણી પોતાના સંતાનોને ઉછેરીને તેમને દરેક પ્રકારની ઉત્તમ કેળવણી આપી, સંતાનોની ભવિષ્યની શારીરિક, આર્થિક તેમજ ધાર્મિક સ્થિતિ સુધારી તેઓની સર્વથા ઉન્નતિ કરવા તરફ હોય છે. વળી જેમ સદ્ગુરૂઓના અંતઃકરણની લાગણી પોતાના સુશિષ્યો તરફ તેઓને ઘણા ઉચ્ચ કોટીમાં ગણાતા તત્ત્વજ્ઞાની સાક્ષરવર્યો બનાવવા તરફ તથા ઉત્તમ ચારિત્રવાન્ મુનિવર્યો બનાવવા તરફ હોય છે, ને તેમ કરવા સારૂ તેઓના હૃદયની ઉંડી લાગણીને વશ થઇ તેમની સઘળી શક્તિઓ તે દિશામાં જેટલો પવિત્ર પ્રયત્ન કરી રહી હોય છે, તેટલાજ પવિત્ર પ્રયત્નથી પોતાના સહધર્મી ભાઇઓની સાંસારિક તેમજ ધાર્મિક સ્થિતિ સંતોષકારક બનાવવા તરફ અહર્નિશ સતત પ્રયત્ન આદરવો એજ ખરૂં સર્વાંશે સ્વામીવાત્સલ્ય છે. આવી સ્થિતિમાં દરેક જૈનધર્મી ભાઇઓના અંતઃકરણમાં પ્રવર્ત્તતું સહધર્મીવાત્સલ્ય જે ખરેખરૂં આત્મકલ્યાણનું સાધન છે, તેને નવકારશી જમાડવાના રૂપમાં મૂકીને તે બહાને એક શહેરમાં કે ગામમાં વસતા જૈન ભાઈઓને એક ટંકનું જમણ આપી તેથી જમનારાઓને થતો આનંદ આપવામાં દરવરસે હજારોગમે ને લાંબી મુદતે તો લાખોગમે દ્રવ્યનો વ્યય કરવામાં આવે ને કોમની ઉન્નતિ જે જ્ઞાનક્ષેત્રના ઉત્કૃષ્ટપણાવડેજ છે તે તરફ તદ્દન બેદરકાર રહીને દુર્લક્ષ આપવામાં આવે ને જૈન બંધુઓમાં જૈનત્વ આણવા જોઇતો દ્રવ્યવ્યય કરવામાં ન આવે એ ઘણુંજ ખેદાસ્પદ છે.

હાલના સ્વાર્થપરાયણ તેમજ ઇર્ષ્યાવશવર્ત્તી જમાનામાં એવું સર્વાંશે નિર્મળ ઉત્તમ પ્રકારનું સહધર્મીવાત્સલ્ય હાલના જૈનબંધુઓના આત્મામાં પ્રવર્ત્તતું થાય એટલી બધી મોટી આશા તો પૂર્ણ થાય ત્યારે ખરી; પરંતુ પોતાના સહધર્મી ભાઇબ્હેનો સમાગમમાં આવતાં તેમને શાંતિથી આનંદી ચહેરે બોલાવવાં, તેમનો યથાશક્તિ તેમની યોગ્યતા પ્રમાણે આદરસત્કાર કરવો,

તેમનાં સુખદુઃખની હકીકત શાંત હૃદયથી સાંભળવી ને તેમને માટે પોતાથી બનતું કરવું. આટલી ફરજ બજાવવા તો દરેક સાધારણ જૈન હોય તેણે પણ ચુકવું જોઈએ નહિ. સહધર્મીવાત્સલ્યનું ખરૂં સ્વરૂપ સમજવું અને તેના પ્રભાવનું જ્ઞાન થવું–તેના અભાવેજ આપણી કોમની ક્ષતિ છે- એ જમાનાની અને ભાવીની પ્રબળતા છે. સહધર્મીવાત્સલ્યનું ખરૂં સ્વરૂપ તથા તેનો પ્રભાવ નહિ સમજવો એજ જ્ઞાનક્ષેત્રની સીદાતી અવસ્થા. ઉપર પ્રમાણે નવકારશીઓ જમાડવામાં સ્વામીવાત્સલ્યને નામે ઘણી મોટી મોટી રકમોનો દ્રવ્યવ્યય થતો અટકાવી–બંધ પાડી તેજ દ્રવ્યવ્યયથી આપણી સર્વ પ્રકારની ઉન્નતિકારક જ્ઞાનક્ષેત્રનો ઉદ્ધાર કરવા તરફ આપણા જિનશાસનશણગારરૂપ ધનિક શ્રેષ્ઠીઓનું વલણ થાય એવું કોણ કરી શકે ? આ મહાન કાર્ય આપણા પરમ પૂજ્ય ગીતાર્થ મુનિમહાત્માઓજ કરી શકે. કારણ કે તેમનાં વચનપર સર્વને શ્રદ્ધા છે. તેમના સિવાય આ કાર્ય બીજા કોઇથી થઇ શકે તેવું નથી, તેઓ કરે તોજ થાય. એટલે ધનિક શ્રેષ્ઠીઓના દ્રવ્યનો વ્યય કરવાનું તેમનું વલણ જે નવકારશીઓ જમાડવા તરફ છે તે બદલાઇને સીદાતા જ્ઞાનક્ષેત્રનો ઉદ્ધાર કરવા તરફ થાય. વળી તે મહાત્માશ્રીઓજ કોમને વસ્તુનું ખરૂં સ્વરૂપ સમજાવી શકે એટલે જ્ઞાનક્ષેત્રનો ઉદ્ધાર થવાથી મળતો લાભ સમજાવી શકે. ઉપર પ્રમાણે થતો દ્રવ્યવ્યય કરવાનું વલણ બદલવામાં આપણી કોમના અગ્રગણ્ય ગણાતા સુજ્ઞ નેતાઓની સહાયની પણ જરૂર છે.

વળી નવકારશીઓ સિવાય પણ જ્ઞાનક્ષેત્ર સીદાતી સ્થિતિમાં છતાં ધનિક શ્રેષ્ઠીઓના દ્રવ્યનો વ્યય બીજે કયે કયે સ્થળે થાય છે તે તપાસીશું તો જણાશે કે પૂજ્ય મહાત્માશ્રીઓના સદુપદેશથી ધનિક શ્રેષ્ઠીઓ મોટા મોટા સંઘો કાઢે છે અને તે એવા કે એકજ સંઘ કાઢવામાં ૫૦ પચાશ હજાર રૂપીઆ જેટલો દ્રવ્યનો વ્યય થાય છે દરેક સંઘપતિ દરેક સંઘ કાઢવામાં આટલા બધા દ્રવ્યનો વ્યય કરતા નથી એ વાત ખરી છે. પરંતુ દરેક સંઘપતિ સ્વશકત્યાનુસાર સંઘ કાઢવામાં દ્રવ્યનો વ્યય તો કરે છે. દરવરસે આપણી જૈન કોમમાંથી આવા ભારેભારે નીકળતા સંઘોમાં થતા દ્રવ્યનો આંકડો એકંદર કરીએ તો તેમાં થતા દ્રવ્યવ્યયની રકમ આપણને ઉંડા વિચારના વમળમાં નાખ્યા વિના રહેશે નહિ. આ તો મુખ્ય મુખ્ય સ્થળોએ ભારે ભારે રકમોનો દ્રવ્યવ્યય થવાની વાત કરી. પરંતુ પ્રતિષ્ઠાઓ કરાવવામાં, ઉજમણાં કરાવવામાં અને એવા એવા શુભ પ્રસંગો જેવા કે સમવસરણની રચના કરવામાં તથા અઠ્ઠાઈ મહોત્સવો મંડાવવામાં વગેરે વગેરે પુણ્યાનુબંધી કાર્યો કરવામાં, ભારે ભારે વરઘોડાઓ ચઢાવી જિનશાસનની ઉન્નતિ કરવા સારૂ થતો દ્રવ્યવ્યય પણ કાંઈ ઓછો નથી.

ઉપર ગણાવેલાં સર્વ કાર્યો આત્મકલ્યાણનાં સાધન છે અને તે અવશ્યમેવ કરવાં જરૂરનાં છે; પરંતુ જ્ઞાનક્ષેત્ર છેક સીદાતી અવસ્થામાં એવું આવી ગયું છે કે આપણાં સર્વ શાસ્ત્રનો સાર જે નવકારમંત્ર તેનો શુદ્ધ ઉચ્ચાર પણ કરી જાણતા નથી એવાં ઘણાં ભાઈબ્હેનો છે. ગામડાંનાં કેટલાંક જૈન ભાઈબ્હેનોને તો જીંદગી પર્યંત નવકારમંત્રનો સ્પર્શ સરખો પણ થતો નથી, તો પછી પંચપરમેષ્ઠીનું સ્વરૂપ ઓળખવું, જાણવું ને આદરવું એવું તો ક્યાંથીજ બને? આવી સ્થિતિમાં જૈનશાસ્ત્રનાં શુદ્ધ તત્ત્વોનું જ્ઞાન આપણા જૈન ભાઈઓને થાય, એવી આશા શી રીતે બંધાય? આ બધું આપણે આપણું જ્ઞાનક્ષેત્ર કેવી અવસ્થા ભોગવે છે તે તપાસીશું ત્યારે જણાઇ આવશે કે ઉપર બતાવેલાં સઘળાં આત્મ-કલ્યાણનાં સાધનો કરવાના હેતુ તથા રહસ્ય અને તેમાં થતી ક્રિયાઓનું જ્ઞાન ઘણાંજ જુજ ભાઈબ્હેનોને હોય છે. તો હવે જ્ઞાનક્ષેત્રનો ઉદ્ધાર કરવો તે કાર્ય ઉપલાં સર્વ ક્ષેત્રોથી વિશેષ આવશ્યક છે. વળી લગ્ન પ્રસંગે અને મરણ પ્રસંગે તેમજ અન્ય કોઇ શુભાશુભ પ્રસંગોએ પણ આપણા ધનિક શ્રેષ્ઠીઓનું ધન કંઇ ઓછું ખરચાતું નથી. વગેરે વગેરે નાના મોટા શુભાશુભ પ્રસંગોએ આપણી સમગ્ર જૈનકોમના પ્રતિવર્ષે થતા દ્રવ્યવ્યયનો એકંદર આંકડો કરીએ તો અસાધારણ આંકડો જણાઈ આવશે.

નવાં નવાં જિનમંદિરો બંધાવવાં, તેમાં પ્રભુજી પધરાવી પ્રતિષ્ઠાઓ કરાવવાનો લ્હાવો લેવો, જીર્ણપ્રાય થઈ ગયેલાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર કરાવવો, ઉપધાન વહેવડાવવાં, ઉજમણાં માંડવાં, તીર્થયાત્રા નિમિત્તે સંઘપતિ થઇ સંઘો કાઢવા અને પ્રસંગવશાત્ શાસનપ્રદિપ્તિને માટે ભારે ભારે ને ભવ્ય વરઘોડાઓ ચઢાવવા વગેરે વગેરે શુભ કાર્યોમાં થતો દ્રવ્યવ્યય પુણ્યાનુબંધ કરાવનાર હોવાથી આવશ્યક છે; પરંતુ આપણી કોમની સર્વોત્કૃષ્ટ સ્થિતિ બનાવનારૂં આપણું જ્ઞાનક્ષેત્ર કેવળ **સીદાતી** અવસ્થા ભોગવતું હોય તે છતાં ઉપર બતાવેલા શુભ પ્રસંગોમાં ભારે ભારે રકમોનો દ્રવ્યવ્યય કરવામાં આવે, ને સીદાતા જ્ઞાનક્ષેત્રનો ઉદ્ધાર કરવા તરફ કેવળ દુર્લક્ષજ આપવામાં આવે એ કેટલું બધું ખેદાસ્પદ છે! એમ પુનઃપુનઃ કહેવાની જરૂર પડે છે. આ વસ્તુસ્થિતિ હરકોઈ સુજ્ઞ સજ્જનોના લક્ષમાં આવ્યા વિના રહેશે નહિ.

ઉપર પ્રમાણે આપણી જૈન કોમમાં આત્મકલ્યાણાર્થે ધર્મને નામે થતા દ્રવ્યવ્યયનો વિચાર કરવો. આટલેથી અટકીને આપણું જ્ઞાનક્ષેત્ર કેવી અવસ્થા ભોગવે છે તે હવે પછીના અંકમાં આપણે જ્યારે જોઇશું ત્યારે આપણું સર્વથા આત્મકલ્યાણ કરનારૂં જે જ્ઞાનક્ષેત્ર તેની કેવળ જર્જરીભૂત અવસ્થા સુજ્ઞ સજ્જનોના લક્ષમાં આવતાં તેઓનાં અંગેઅંગ રોમાંચિત થયા સિવાય રહેશે નહિ.

(અપૂર્ણ.)

# पुस्तकोनुं वांचन अने मनन.

( લેખક—ભાઇલાલ સુંદરજી મહેતા. ઝીંઝુવાડા )

ઉંચા પ્રકારની પ્રવૃત્તિવાળા થવું હોય, ઉચ્ચ વિચારો સ્ફુરાવી સ્વાર્થ ને પરમાર્થ સાધતાં શીખવું હોય, પુરસદના વખતને અત્યંત આનંદમાં ગુજારવાની ભાવના થતી હોય, સભા સમક્ષ સારાં ભાષણો આપી સમાજમાં સુધારા કરાવવા હોય, મલીન વિચારોને ઉજ્જ્વલ બનાવવાની તીવ્ર ઇચ્છા થતી હોય, મર્કટ મનને ચંચળતાથી મુક્ત અવસ્થામાં લાવવું હોય, તેમજ ઉચ્ચ હદ પ્રાપ્ત કરવાની વાટના ભોમીઆ થવું હોય તો સતપુરૂષનાં રચેલાં ઉત્તમોત્તમ પુસ્તકો તેમજ નાના પ્રકારનાં કાવ્યો વાંચવાની તથા સાંભળવાની ટેવ પાડવી તે શ્રેયસ્કર છે. પૂર્વે પ્રતિષ્ઠિત પુરૂષોએ જે જે પુસ્તકો રચેલાં છે તે ખરેખર વાંચનારને ઉત્તમ બનાવવાની પ્રેરણા કરતાં હોય તેમ જોવામાં આવે છે. જેમ માર્ગદર્શક વિના ઇચ્છિત સ્થાનક પ્રાપ્ત થવું દુર્લભ છે તેમજ પ્રેરક વિના હરકોઇ કામ પૂર્ણ કરવું દુઃસહ છે.

ઉપર જણાવેલ પુસ્તકોનું વાંચન પુરૂષ તેમજ સ્ત્રી એ બંને વર્ગને ઘણુંજ ઉપયોગી છે. માટે દરેક જણે આખા દિવસના ચોવીશ કલાકમાંથી અમુક વખત તેને માટે મુકરર કરી રાખવોજ જોઇએ. વાંચનવડે વિશિષ્ટ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

વાંચનમાં દાતારનો ગુણ રહેલો છે. દાતારનો સ્વભાવ એવો હોય છે કે જે કોઇ તેની પાસે યાચના કરે તેને કાંઇક ને કાંઇક તો દાન આપેજ, પણ નિરાશ કરી કોઇ દિવસ પાછો કાઢે નહી; તેવીજ રીતે વાંચનદાતાર પણ તેવોજ છે. જે સ્ત્રીપુરૂષો વાંચનનો આશ્રય કરે છે તેમને જરૂર તે દાન આપ્યા વિના રહેતો નથી. તેમાં એટલું વિશેષ છે કે જેને જેવી પ્રીતિ. થોડી પ્રીતિવાળાને થોડું ને ઝાઝી પ્રીતિવાળાને ઝાઝું દાન આપે છે. વળી વાંચનદાતાર ગંભીર પેટવાળો છે, તેથી તે ગમે તેટલું દાન આપે તો પણ તે કોઇ દિવસ અભિમાનના શબ્દો બોલી યાચકજનને મેણાં મારતો નથી. જેથી તેવા સદ્દગુણી દાતાર પાસેથી દાન લેવામાં જરા પણ પ્રમાદ કરવો તેને સુજ્ઞ પુરૂષો ખરેખરી ભૂલ સમજે છે. યાચકપુરૂષ દાયક પાસે જ્યારે જાય ત્યારે તેને રસ્તામાં ગમે તેટલાં કષ્ટ પડે છતાં પણ તેને નહીં ગણકારતાં સીધો તે દાતાર પુરૂષ પાસે જઇને ઉભો રહે છે ને પોતાની મૂળ સ્થિતિની વાત કહી દાનની માગણી કરે છે, ત્યારે દાતાર પણ પાત્ર જોઇ તેની યોગ્યતા પ્રમાણે દાન આપે છે. આપણો વાંચનદાતાર પણ તેવોજ છે; કારણ તે યાચક વાંચન પ્રત્યે જેવી ભાવના રાખે છે ને જેવું

યાચકનું મન તથા મગજ હોય છે તેવુંજ તેને વાંચનદાતાર ફળ આપે છે. માટે દાન લેવા ઇચ્છનારે યાચકવૃત્તિ બરાબર સાચવવી. જ્યારે મનની પ્રીતિ વાંચન સાથે ભિન્નભાવ વિનાની થશે ત્યારેજ ઇચ્છિત કાર્યને સાધી શકાશે.

વાંચન તે મગજનો અમૂલ્ય ખોરાક છે. જેમ પેટમાં લાગેલ ક્ષુધા નાના પ્રકારનાં સ્વાદિષ્ટ ભોજનથી દૂર કરી શકાય છે, તેમ કંટાળી ગયેલા મનુષ્યના મગજને ઉત્તમ પ્રકારના વાંચનરૂપી ખોરાક આપવાથી કંટાળો ટળી જઇ મગજ શાન્ત અને આનંદી બને છે.

વાંચનને વૈદ્યની ઉપમા પણ આપી શકાય છે; જેમ વૈદ્યો ઔષધ આપી અનેક પ્રકારના શરીરના રોગોને હરે છે, તેમ વાંચનરૂપી વૈદ્ય મનની શંકારૂપી અનેક પ્રકારના ઝેરી રોગોને નાબુદ કરે છે, ને પથ્ય ખોરાકરૂપી સારાં સારાં ચરિત્રોનું વાંચન આપી મગજની તથા મનની શક્તિને મજબૂત બનાવે છે.

વાંચનને સન્મિત્રની ઉપમા પણ યથાર્થ ઘટી શકે તેમ છે. જેમ આપણા પેટના ઉભરાઓ આપણે આપણા ખરા મિત્રને કહી આપણું હૃદય ખાલી કરીએ છીએ ને તેની પાસેથી નવા નવા અનુભવો મેળવીએ છીએ તેમજ કાંઇ સલાહ લેવી ઘટે તો લઇએ છીએ, તેવીજ રીતે વાંચનરૂપી મિત્ર પાસે પણ તેવું કાર્ય કરી શકાય છે. કારણ કે જ્યારે આપણા પેટના ઉભરાઓ બ્હાર કાઢી હૃદય ખાલી કરવું હોય ત્યારે નવા નવા અનુભવ મેળવવા સારૂ નવાં નવાં પુસ્તકો વાંચવાથી જરૂર સન્મિત્રની ગરજ સારી શકાય છે.

આવી અનુપમ શક્તિવાળું પુસ્તકોનું વાંચન અને મનન આ અવનીમાં જન્મ લઇ જેમણે અંગીકાર કરેલ નથી તેઓ ખરેખર અજ્ઞાનરૂપી નિદ્રામાં ઝોકાં ખાતાં બરાબર પોતાનો અમૂલ્ય અવસર આયુષ્યમાંથી ઓછો કરે છે.

——:o*o:——

## ઉપદેશક પદ.

યા પુદ્ગલકા[1] ક્યા બિસવાસા[2], હૈ સુપનેકા વાસારે. યા૦
ચમતકાર બિજલી[3] દે જૈસા, પાની બીચ પતાસા;
યા દેહીકા ગર્વ ન કરના, જંગલ હોયગા વાસા. યા૦ ૧
જૂઠે તન ધન જૂઠે જોબન, જૂઠે હૈ ઘરવાસા;
આનંદઘન કહે સબહી જૂઠે, સાચા શિવપુર વાસા. યા૦ ૨

૧ દેહાદિક જડ પદાર્થ. ૨ વિશ્વાસ, ભરૂસો. ૩ વિજળી જેવા ક્ષણિક.

# શ્રી વિજયધર્મસૂરિનો અત્યંત ખેદકારક સ્વર્ગવાસ.

શ્રીમાન્ મુનિરાજશ્રી વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય શ્રીવિજયધર્મસૂરિએ ભાદ્રપદ શુદિ ૧૪ મંગળવારની સવારના ૬ા કલાકે શિવપુરી નામના ગ્વાલિયર પાસેના વિશાળ ગામમાં લાંબા વખતની માંદગી ભોગવીને સ્વર્ગવાસ કર્યો છે. એમનો અભાવ થવાથી જૈનવર્ગમાં એ ખબર ફેલાતાં સર્વત્ર અત્યંત દિલગીરી વિસ્તરી છે. જૈન સમુદાયમાંજ નહીં પણ સાહિત્યના ક્ષેત્રમાં પણ તેમની ન પૂરાય તેવી ખામી પડી છે. શ્રી વૃદ્ધિચંદજી મહારાજનો શિષ્યવર્ગજ બહોળે ભાગે બહુ નામાંકિત નીવડેલ છે. તેમાં આ મહારાજશ્રીએ તો શ્રીવિજયાનંદ સૂરીશ્વરે (આત્મારામજી મહારાજે) પાશ્ચાત્ય પ્રદેશમાં જૈનધર્મ સંબંધી જ્ઞાન ફેલાવવા માટે વાવેલાં બીજને અત્યંત પલ્લવિત કરેલ છે. અત્યારે એ પ્રદેશમાં ઘણા યુરોપીયન વિદ્વાનો જૈનધર્મ સંબંધી ફીલોસોફીના જાણનારા તેમજ ઇચ્છક બન્યા છે અને તે પ્રદેશમાં અંગ્રેજી ભાષામાં પણ કેટલુંક જૈન તત્ત્વજ્ઞાન ફેલાવ્યું છે, એ સઘળો આ મહારાજશ્રીનોજ પ્રતાપ છે.

એ મહારાજશ્રી ગૃહસ્થપણામાં મહુવા શહેરના નિવાસી હતા. સંવત્ ૧૯૨૪ માં શામવછાના પ્રસિદ્ધ કુટુંબમાં એમનો જન્મ થયો હતો. કાળધર્મ પામ્યા ત્યારે દીક્ષાપર્યાય ૩૫ વર્ષનો ને વય ૫૫ વર્ષનું હતું. મહુવાથી ભાવનગર આવતાં શાંતમૂર્ત્તિ શ્રીવૃદ્ધિચંદજી મહારાજનો પ્રસંગ થયો; તેમના ઉપદેશથી તેમને વૈરાગ્ય પ્રાપ્ત થયો અને પોતાના કુટુંબની રજા મેળવીને સંવત ૧૯૪૩ના વૈશાખ વદિ ૫ મે ભાવનગરમાંજ એ ગુરૂમહારાજના હાથે તેઓએ ચારિત્ર ગ્રહણ કર્યું હતું. ચારિત્ર ગ્રહણ કર્યા પછી ગુરૂમહારાજની વૈયાવચ્ચમાં અહર્નિશ તત્પર રહ્યા હતા, કારણ કે ગુરૂશ્રીનું શરીર વધારે નરમ રહેતું હતું. એક દિવસ તેમના વૈયાવચ્ચાદિ ગુણથી પ્રસન્ન થઇને ગુરૂમહારાજે આશીષ આપી હતી કે–' જા બેટા ! અભ્યાસ કર, તું જૈનધર્મનો મોટો નેતા થઇશ.' આ આશીષ અક્ષરશઃ ફળી છે.

ગુરૂમહારાજ સં. ૧૯૪૯ માં સ્વર્ગવાસી થયા બાદ એમણે વિહાર શરૂ કર્યો હતો અને અભ્યાસ પણ વધારવા માંડ્યો હતો. બનારસ જેવા જૈનનું નામ પણ નહીં સહન કરનારા ક્ષેત્રમાં એમણેજ સં. ૧૯૫૮ માં શ્રી યશોવિજયજી જૈન પાઠશાળા સ્થાપી, એટલુંજ નહીં પણ શેઠ વીરચંદભાઇ દીપચંદ તથા શેઠ ગોકળભાઇ મુળચંદની સહાયથી ખરીદાયેલી અંગ્રેજી કોઠીવાળા મકાનમાં જૈનધર્મની કોઠી સ્થાપન કરી.

એ પાઠશાળામાં અભ્યાસ કરીને ઘણા વિદ્વાનો બહાર પડ્યા છે અને જૈન શાસનની ઉન્નતિ કરનારા નીવડ્યા છે.

વિહારાદિકમાં એમણે શાસનહિત માટે ઘણું કષ્ટ સહન કર્યું છે. પુણ્યબળથી અને જ્ઞાનબળથી યુરોપીયન પ્રજામાં ઘણું માન મેળવ્યું છે. ઘણા તદ્દેશીય વિદ્વાનો એઓ સાહેબની મુલાકાત લેવા આવી ગયેલા છે. દેશી રાજા મહારાજાઓમાં કાશી નરેશાદિ ઘણા રાજાઓનો પણ પ્રેમ મેળવ્યો છે. ધાર્મિક કાર્યોના સંબંધમાં એઓ સાહેબને અત્યંત લાગણી હતી. છેલ્લા છેલ્લા ભાયખાળાની જમીનને અંગે અને કાંકરોળીમાં થયેલા તોફાનને અંગે પણ એઓ સાહેબ પ્રયાસ કરવામાં ચૂકયા નહોતા.

એમનો શિષ્યપરિવાર પણ આગળ વધેલો છે. ઉપાધ્યાય શ્રી ઇંદ્રવિજયજી, પંન્યાસ ભક્તિવિજયજી, પ્રવર્ત્તક મંગળવિજયજી, ન્યાયરત્ન ન્યાયવિજયજી અને મુનિરાજશ્રી વિદ્યાવિજયજી તો ખાસ બહાર પડેલા છે. આશા છે કે–એઓ ગુરૂમહારાજને પગલે ચાલી એકસંપથી વર્તી શાસનહિતમાં તત્પર રહેશે ને સાહિત્યના ક્ષેત્રમાં બનતો ફાળો આપ્યા કરશે.

બનારસ પાઠશાળાને પાછી જાગૃત કરવાનો પ્રયત્ન મહારાજશ્રીએ ઓણુ સાલજ કરેલો છે. પ્રવર્ત્તકજી વિગેરેને ત્યાં મોકલ્યા છે. એ પાઠશાળા પાછી જાગૃત થાય અને નવા વિદ્વાનો ઉત્પન્ન કરે એ ઇચ્છવા યોગ્ય છે. અમે એ શુભ પ્રયાસની ફત્તેહ ઇચ્છીએ છીએ.

મહારાજશ્રીની શુદ્ધિ છેવટ સુધી બહુ સારી રહી હતી. કાળધર્મ પામ્યા બાદ રાજ્ય તરફના તમજ શ્રી સંઘ તરફના મોટા સન્માન સાથે અગ્નિસંસ્કારાદિ ક્રિયા કરવામાં આવી હતી. તેમના અગ્નિસંસ્કારના સ્થાનકે રાજ્ય તરફથી તરતમાંજ વિશાળ જમીન બક્ષીસ આપવામાં આવેલી હોવાથી ત્યાં મહારાજશ્રીના સ્મરણાર્થે સ્તૂપાદિ કરવામાં આવશે.

મહારાજશ્રીનું અવસાન થયાના તારદ્વારા ખબર ફેલાતાં અનેક સ્થાને દિલગીરીના ઠરાવો થયા છે. ઉપરાંત અનેક શુભ કાર્યો તેમના શ્રેયનિમિત્તે કરવામાં આવ્યાં છે. ભાવનગરમાં પણ અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો છે અને મનુષ્યો તથા પશુઓને અનુકંપાદાન આપવામાં આવ્યું છે. અન્યત્ર પણ તેવા શુભ પ્રસંગો બન્યા છે તેના ખબર તેમજ મહારાજશ્રીનું સંક્ષિપ્ત જન્મચરિત્ર જૈનપત્રમાં પ્રગટ થયેલ છે તે વાંચવાની ભલામણ કરી એ મહાત્માના આત્માને શાંતિ મળે એમ ઇચ્છી આ ટુંક નોંધ સમાપ્ત કરવામાં આવે છે.

# આ વાત ગમશે કે?

(લેખક;-સંઘવી જયંતીલાલ છબીલદાસ- મોરબીવાળા.)

**ટેટા હવાઇ ફુલ્લખરણી વછૂટે, ભંભોટીઆ વળી છુંછુદર ખૂબ છૂટે;**
**દિવાળી હોય પણ હોળી થઈ જણાય, શું દેશનો ઉદય એમ કરી શકાય?**
(કેશવકૃતિ)

દિવાળીને હવે કયાં વાર છે? એ તો ડોકીયાં કરી રહી છે. ધામધુમ અને તડાતડીના દિવસો નજીક આવ્યા. ફટાકડાની શરૂઆત થવા માંડી છે. "દીવાળીબાઇ" કુમકુમ-પનોતા પગલે પધારે છે-દિવાળીબાઈની સ્વારી આવી લાગી છે. "એ મહાન્ કર્મવીર મહાત્મા ગાંધીજી" ના દૈવી ઉપદેશે આપણે જાગૃત થયા! આપણામાં કંઇક ચૈતન્ય પ્રકટયું અને "સ્વદેશી" નું મહાત્મ્ય સમજવા લાગ્યા. ઘણાખરા એમ માને છે કે "વિદેશી વસ્ત્રો" નો બહિષ્કાર કર્યો એટલે "ફટાકડા" ફોડવામાં કાંઇજ હરકત નહિ; પરંતુ તેમની માન્યતામાં ગંભીર ભૂલ સમાયેલી છે. આપ વિચારશો કે ફટાકડાનો મોટો ભાગ કયાંથી આવે છે? ચીન અને જાપાનથીજ. ઓ "સ્વદેશી" નો ફાંકો રાખનારાઓ! શું આ "સ્વદેશી" છે? ફક્ત ત્રણ દિવસની દિવાળીબાઇના મુજરામાં અંજાઇ લોકો ફટાકડા, મોજશોખો, એશઆરામ, રાંડોના નાચ અને વિજળીક લાઇટોના ભપકામાં-તે દ્વારા કરોડો રૂપીઆ હિંદથી પરદેશ ધકેલે છે.

"લક્ષ્મીપૂજન કર્યા બાદ ફટાકડા ફોડવાજ જોઇએ, તે શુભ શુકન છે." એ કુરૂઢી પણ કોણ જાણે કયાંથી દાખલ થઇ છે? આ રૂઢી પણ દૂર કરવા યોગ્ય છે. કારણ કે તે અજ્ઞાનથી દાખલ થયેલી છે. ફટાકડા ફોડવાથી કેટલી બધી "હિંસા" થાય છે? તે વિચારો. વળી આપણા "વીશ હજાર" દેશબંધુઓ તેમાં પણ "મહાત્મા ગાંધીજી" જેવા મહાન્ કર્મવીર-કે જેનું અહિંસામય તો શરીર છે, સત્ય અને નીતિરૂપી તો નળીઓ અને સ્નાયુઓ છે, તે જેલ સેવી રહ્યા હોય તેવે વખતે આપણે ફટાકડા ફોડવા, મોજશોખમાં ગુલતાન રહેવું, દીવાબત્તીઓના ભપકા વિગેરે કાર્યો કરવાં ઘટીત છે? શું આવીજ તમારી દેશલાગણી! આટલોજ આત્મભોગ! અરે આટલી ફરજ પણ બજાવી શકતા નથી? તમારો અંતરાત્મા શું કહે છે?

મોટા શહેરોમાં આવે પ્રસંગે શ્રીમંતોને ત્યાં બે બદામની નાયકણો નાચવા જાય અથવા તેઓ ગાયન સાંભળવાને બ્હાને નાયકાઓને ત્યાં જાય, આડી અવળી કુચેષ્ટાઓ કરે-વિગેરે કાર્યો શું શ્રીમંતોને યોગ્ય છે? શું આવી રીતે તમે ઉચ્ચમાં ખપવા માગો છો? મોજશોખો અને એશઆરામમાં આવી રીતેજ

સમય વ્યતીત કરશો? વાલકેશ્વર, મહાલક્ષ્મી અને ચોપાટીની સમુદ્રતટપરની હવા ખાનાર મહાશયો—શ્રીમંતોને ગરીબ દુઃખી ભાઇબ્હેનોને મદદ કરવાનું ક્યાંથી સુઝે? તેમનો ખ્યાલ પણ ક્યાંથી આવે? ઓ શ્રીમંતો! તમે કદાપિ ગલીએ ગલી ભટકી તમારાં દુઃખી ભાઇબ્હેનોનાં દુઃખનો અનુભવ લીધો છે? તમારાં દુઃખી ભાઈબ્હેનોના આર્ત્તનાદો તમારા પાષાણહૃદયને ભેદી શક્યા નથી જણાતા! તમારૂં દિલ પીગળ્યું હોય એમ નથી જણાતું! ભાઇઓ! મોજશોખમાં પૈસા બરબાદ કરવા કરતાં તમારાં દુઃખી ભાઇબ્હેનોનાં "દીલના દર્દો" પીછાનો! તપાસો! અને મદદ કરવા આગળ ધસો!

બંધુઓ અને બ્હેનો! તમે "જૈન" હોવાનો "દાવો" કરો છો, પરંતુ તમારામાં દયાનો અંશ છે? હૃદય છે? વિચારશક્તિ છે? દેશદાઝ છે? આત્મશ્રદ્ધા છે? જો આ ગુણનું તમારામાં અસ્તિત્વ હોય તો અવશ્ય તમે તમારાં દુઃખી ભાઈબ્હેનોની વ્હારે ધાઓ, અને જે દેશમાં જન્મ્યા, જે દેશના અન્નથી પોષાયા, જે દેશમાં કીર્તિ પામ્યા તે દેશખાતર "કર્તવ્ય પરાયણ" બની ફટાકડા, નાચ, મોજશોખો, જુગાર વિગેરેને ત્યજો અને મહાત્મા ગાંધીજી કહે છે તે વિચારો.

"રેંટીઆની પૂજા તે લક્ષ્મીપૂજન છે. એટલે દરેક ઘરમાં રેંટીઓ દાખલ થવો જોઇએ, કંઇક સુતર પણ કાઢવું જોઇએ અને જે સુતર નીકળે તે આપણે આપણા "દેશખાતર જમે કરીએ."

બાળકોને નવી વસ્તુ તો જોઇએજ, ખાદીનાં વસ્ત્રો, રમકડાં, દફતર વિગેરે અપાવીએ. બાળકો ફટાકડા માગે તો કહીએ કે, ફટાકડા ફોડવાના દિવસો તો "સ્વરાજ્ય" મળે ને "ભૂખમરો" મટયેજ આવે. જ્યાં લગી ભૂખમરો નથી ગયો ત્યાં લગી "ફટાકડા" માં પૈસો નજ ખરચીએ. દીવાળીના દિવસમાં આટલું તો નજ કરીએ.

(૧) એશઆરામ ન કરીએ (૨) જુગાર ન ખેલીએ (૩) ફટાકડા ન ફોડીએ.

આ બધાથી બચતા પૈસા "સ્વરાજ્ય ફંડ" સારૂ આપીએ.

શું તમે વજ્રસમ કઠીન છો? વિચારહીન છો? દેશદ્રોહી છો? જો એમ ન હોય તો અવશ્ય મારી વાત ધ્યાનમાં આવવીજ જોઈએ. "એ મહાન્ આત્મબળી કર્મવીર શ્રી મહાવીરસ્વામી" ના પુત્રોમાં આવું કલંક કેમ હોઇ શકે? ભાઇઓ! આત્મબળ ખીલવો. આત્મશ્રદ્ધા રાખો. "કર્તવ્ય એજ જીવન" એ સિદ્ધાંત ધ્યાનમાં લઈ આપણા ઉચ્ચ આદર્શોને વ્યવહારૂ બનાવો! ભાઇઓ! આ વાત ગમશે કે?

# સ્ફુટ નોંધ અને ચર્ચા.

## શ્રી કાંકરોળીમાં થયેલ જિનચૈત્ય સંબંધી અત્યાચાર.

શ્રી ઉદેપુર રાજ્યના તાબામાં શ્રીનાથજી પાસે કાંકરોળી નામે ગામ આવેલું છે. તે ગામ ગોસ્વામીજી મહારાજને બક્ષીશ આપેલું હોવાથી અને હાલના ત્યાંના ગોસ્વામી સગીર હોવાથી વહુજીમહારાજના હાથમાં તે ગામનો વહીવટ છે. તેમણે અમદાવાદના શ્રી મધુસુદનલાલજી મહારાજની સહાય લઇને આપણા જિનમંદિરનો ઘુમટ એકદમ તોડાવી નંખાવ્યો છે, અને હજુ આ વર્ષનાજ વૈશાખ શુદ્ધિ ૭ મે થયેલી પ્રતિષ્ઠાવાળા સાત જિનબિંબો તળાવમાં ફેંકી દીધાં છે, ઉપાડી ગયા છે, તેમજ દેરાસરની બીજી પણ તમામ વસ્તુઓનો વિનાશ કર્યો છે. આ બાબત પર્યુષણના પવિત્ર દિવસોમાંજ કરવામાં આવેલ છે. આ હકીકતના ખબર શ્રી ઉદેપુરના સંઘ તરફથી મુંબઇ, અમદાવાદ વિગેરે સ્થળોએ ફેલાતાં આ અપકૃત્યથી જૈનસમુદાયનાં દીલ બહુજ દુખાણાં છે. તે બાબત ચોતરફથી ઉદેપુરના નામદાર રાણા સાહેબ તરફ તારો ચલેલા છે અને ઈન્સાફ માગવામાં આવ્યો છે. આપણા જૈનવર્ગના કેટલાક માણસોને દુઃખ પણ બહુ આપવામાં આવ્યું છે અને હેરાન કરવામાં આવ્યા છે.

આ બાબત ચોક્કસ ખબર મેળવવા અને યોગ્ય પ્રયત્ન કરવા શ્રીજૈન એસોસીએશન ઓફ ઇંડીયા તરફથી ભાઈશ્રી લલુભાઇ કરમચંદ દલાલ તથા મગનલાલ એમ. શાહને ત્યાં મોકલવામાં આવતાં તેમણે તમામ તજવીજ કરી છે, અને સમાધાની માટે તેમજ ન્યાય મેળવવા માટે બનતો પ્રયત્ન કર્યો છે. હજુ હકીકત સમાધાની ઉપર આવી નથી; પરંતુ નામદાર રાણાસાહેબે તે બાબત તજવીજ શરૂ કરી છે અને આપણને વ્યાજબી ન્યાય આપવાની કબુલાત આપી છે. પર્યુષણ જેવા દિવસોમાં પણ શાસન પ્રત્યેની તીવ્ર લાગણીથી ત્યાં ગયેલા બંને બંધુઓએ પોતાનો રીપોર્ટ શ્રીસંઘ સમક્ષ પ્રગટ કર્યો છે અને તે જૈનપત્રમાં સવિસ્તર છપાયેલ છે. લાગણીવાળા બંધુઓએ તે વાંચવા યોગ્ય છે.

આ સંબંધમાં ઘુમટ બનાવવામાં પરવાનગી મળવાની ચોક્કસ આશા ઉપર જો કે કાર્ય કરવામાં આવ્યું છે, પરંતુ જે ગામમાં અનેક ધર્મનાં મંદિરો ઉપર ઘુમટ, શિખર ને કળશ હોવા છતાં જૈનોને ખાસ અન્યાય આપવાનું કારણ સમજાતું નથી; તેમ છતાં તેમને ગેરવ્યાજબી લાગ્યું તો આમ જોહુકમી ન કરતાં તેના નિવારણ માટે અનેક ઉપાયો થઇ શકતા હતા, છતાં આવી પ્રવૃત્તિ સ્ત્રીપણાને લઇને અથવા અજ્ઞાન ધર્માંધ માણસોની પ્રેરણાથી કરવામાં આવી હોય તો તેને માટે અમે દિલગીર છીએ. હજુ આ બાબત સમાધાનીથી સમજુતી કરવી વધારે યોગ્ય છે, એમ સૂચવી આ નોંધ હાલ સમાપ્ત કરીએ છીએ.

* * * *

**શ્રી વઢવાણ** શહેરમાં આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીના શિષ્ય પંન્યાસજી ભક્તિવિજયજી ચતુર્માસ રહેલા છે. તેમના ઉપદેશથી ત્યાં ઘણી જાતના લાભો થયા છે. જુદા જુદા પ્રકારના તપો થયા છે પર્યુષણને અંગે પણ ઘણી તપસ્યા થઇ છે. તેનું લીસ્ટ એક ગૃહસ્થે લખી મોકલ્યું છે.

| | | |
|---|---|---|
| ૫ માસખમણ | ૧૫ સોળ ઉપવાસ | ૧ સત્તર ઉપવાસ. |
| ૩૪ પંદરથી ૧૧ સુધી | ૬ દશ ઉપવાસ | ૧૭ નવ ઉપવાસ. |
| ૭૬ અઠ્ઠાઈ (આઠ ઉપવાસ) | ૬૬ સાત, છ ને પાંચ ઉપવાસ. | |

આવી ઉગ્ર તપસ્યાઓ ક્ષમાસહિત કરનારની આપણે તો અનુમોદના કરીએ. તપસ્યાની અશક્તિવાળાઓએ તે પ્રકારનો અંતરાય બાંધેલો હોય છે; તે અંતરાય તોડવાનું સાધન તપસ્યા કરનારની ભક્તિ, બહુમાન, વૈયાવચ્ચ અને પારણા વિગેરે કરાવીને યોગ્ય પહેરામણી આપવી ઈત્યાદિ છે. મુનિરાજના વિહારથી અને ચતુર્માસથી અનેક પ્રકારના લાભ થાય છે એ ચોક્કસ છે.

* * * *

**નાગપુર સીટી**માં એજ સૂરિના શિષ્ય મુનિરાજશ્રી ન્યાયવિજયજી જેઓ ન્યાયરત્નની ઉપાધિવાળા છે તેમણે ચાતુર્માસમાં ઘણો ઉપગાર કર્યો છે. ખાદી વાપરવાના સતત ઉપદેશથી ત્યાં તેનો પ્રચાર જૈનવર્ગમાં બહુજ વધી ગયો છે. પર્યુષણ પર્વમાં પરભાવના પણ ખાદીના ખેસ, ટોપી, પહેરણ, ચોળી અને ધોતીઆ વિગેરેની થઇ છે. આ બનાવ સર્વમાં પહેલોજ ગણવા યોગ્ય છે. તપસ્યાઓ પણ બહુ ઠીક થઈ છે. જ્યાં કોઈ પણ વખત માસખમણ નહીં થયેલું ત્યાં આ વખત એક માસખમણ, અઠ્ઠાઇઓ તથા પંચરંગી તપ થયેલ છે. સ્વામીવચ્છળ અને વરઘોડામાં પણ શાસનોન્નતિ બહુ થઈ છે. એક સ્વામીવચ્છળમાં તો દરેક કોમે જુદી જુદી પંગતે સાથે જમવા બેસીને બંધુભાવ બતાવ્યો છે. વરઘોડામાં પણ દિગંબરી બંધુઓ, બ્રાહ્મણો, દરજીઓ, વણકરો અને કલાલો સુધાંએ લાભ લીધો છે. ત્યાંના વૃદ્ધો પણ આ બધી પરિસ્થિતિ જોઇને બહુ રાજી થયા છે અને પોતાની જીંદગીમાં આ બધો બનાવ પ્રથમજ દીઠો છે એમ કહી વખાણ કરે છે. ડો. ચોલકરે પણ પોતાના વ્યખ્યાનમાં અહીંના ખાદીના પ્રચાર માટે મહારાજશ્રીની ખાસ પ્રશંસા કરી છે. આ બધો મુનિમહારાજની નિઃસ્વાર્થ ધાર્મિક પ્રવૃત્તિનો પ્રતાપ છે. ઉતમ મુનિમહારાજાના વિહારની સર્વત્ર ખાસ આવશ્યકતા છે.

* * * *

**શ્રી સુરત ગોપીપુરામાં** પં. મોહનવિજયજી મહારાજ ચતુર્માસ રહેલા છે. તેમના ઉપદેશથી ધર્મકાર્યો બહુ સારી રીતે થયાં છે. તપસ્યાઓ ઠીક થઇ છે. અઠ્ઠાઈ મહોત્સવ, નવકારશી વિગેરે પણ થયાં છે. દેરાસરમાં ઘીની ઉપજ ૧૦૦૦

મણુની થઇ છે. જ્ઞાનપૂજામાં રૂા.૮૦૦) આવ્યા છે. બહારગામથી આવેલી ટીપોમાં રૂા.૪૦૦૦) થયા છે. આ બધો ઉત્તમ મુનિના વિહારનો પ્રભાવ સમજવો.

*　　*　　*　　*

સંઘવી જયંતિલાલ છબીલદાસ **અગમચેતી** આપે છે કે-" **નૂતન વર્ષાભિનંદન** "ના લખાતાં પત્તાં હવે બંધ થવા આવશ્યક છે, ક્રમશઃ ઘટાડી દેવા યોગ્ય છે હાલમાં સરકારે "ટીકીટો" ના ભાવ વધાર્યા છે, માટે તેવાં નકામાં "છાપેલ પત્તાં મોકલવાં નહિ જોઈએ." છાપેલ પત્તાં શું અસર કરે છે? કાંઈ કરતા નથી. માટે તે ન લખતાં તેથી થતા બચાવના પૈસા ઉત્તમ માર્ગે વાપરવા. "એક આનાની રોજીંદીવાળી" હિંદમાં આવી રીતે પૈસે પૈસે પણ મોટી રકમનો બચાવ થાય અને તે પૈસાનો જનકલ્યાણાર્થે ઉપયોગ થાય તો કેવું સારૂં!

*　　*　　*　　*

શ્રી વિજયધર્મસૂરિ શિવપુરીમાં કાળધર્મ પામતાં ભાવનગર ખાતે જૈન શુભેચ્છક મંડળની મીટીંગ મળી હતી અને તેમાં પણ દિલગીરીનો ઠરાવ થયો હતો, તેમજ તેમના શિષ્યવર્ગને અંતઃકરણથી દીલાસો આપવાનો ઠરાવ થયો હતો. મહારાજશ્રીના ગુણાનુવાદ કરવામાં આવ્યા હતા.

*　　*　　*　　*

શ્રી મુંબઇ મહાવીર જૈન વિદ્યાલયમાં બધા વિદ્યાર્થીઓએ મળીને આ સંબંધમાં ઠરાવ કર્યો છે કે-"શ્રી મહાવીર વિદ્યાલયની આજે મળેલી સભા જૈન કોમ અને સાહિત્યની મહાન્ સેવા કરનાર શ્રી વિજયધર્મસૂરિજીના અચાનક અને દિલગીરી ભર્યા કાળધર્મ માટે પોતાનો અત્યંત શોક પ્રદર્શિત કરે છે, અને તેમના આત્માને શાંતિ ઇચ્છે છે."

*　　*　　*　　*

## શ્રી દીવાળીબાઇ શ્રાવિકા ઉદ્યોગશાળાનો દ્વિવાર્ષિક રિપોર્ટ.

### પાટણ-સં. ૧૯૭૫-૭૬.

આ રિપોર્ટ મળતાં તે વાંચ્યો છે. કાર્યનો પ્રારંભ બહુજ ઉપયોગી છે. આગળ ઉપર વધારવાની આવશ્યકતા છે. કાર્યનો પ્રારંભ કરનાર ભાઈશ્રી સરૂપચંદભાઇ અને નગીનદાસભાઇ કરમચંદે દ્રવ્યસ્થિતિ તો ઠીક કરી આપી છે. અભ્યાસીની સંખ્યા પણ સારી છે. બાકી અંતરંગ સ્થિતિ તો જાતે જોયા સિવાય રિપોર્ટથી સમજાતી નથી. બંને બંધુઓએ દ્રવ્યને સાર્થક કરવાનું આ કાર્ય સારૂં આરંભ્યું છે. અમે એ ખાતાનો વિશેષ ઉદય ઇચ્છીએ છીએ.

## પુસ્તકોની પહોંચ.

( મહીલા ભૂષણ. )

આ નામનું નવું પ્રગટ થયેલું માસિક પુ. ૨ જું અંક ૨ જો જુલાઇ ૧૯૨૨ નું મળ્યું છે. તે સુરત જૈન વનિતા વિશ્રામ તરફથી પ્રગટ થાય છે. વાર્ષિક મૂલ્ય રૂા. ૨) પોસ્ટેજ સાથે રાખેલ છે. પ્રથમ ત્રિમાસિક શ્રાવિકા સુબોધ નીકળતું તેનુંજ આ રૂપાંતર છે. માસિકના લેખો જોતાં તે ખાસ સ્ત્રી-વર્ગને વાંચવા લાયક છે. લેખો બહુજ ઉપયોગી છે. આ અંકના લેખો પૈકી સરલા કે શારદાવાળો લેખ બહુ અસરકારક છે. આવા લેખો દરેક અંકમાં આવવાની જરૂર છે. મુનિરાજશ્રી કર્પૂરવિજયજીવાળો લેખ પણ જૈનવર્ગને ઉપયોગી છે. દયાનું ખરૂં સ્વરૂપ સમજવાની સ્ત્રીવર્ગ અને પુરૂષવર્ગ બંનેને ઘણી જરૂર છે. માસિકનું લવાજમ કાંઇક વધારે છે પણ તેનો આધાર ગ્રાહકો ઉપર છે. ગ્રાહકોની સંખ્યા વધશે તો જરૂર લવાજમ ઘટવા સંભવ છે. અમે તેની ફતેહ ઇચ્છીએ છીએ. સંપાદિકા બ્હેન રૂકિમણીનો આ પ્રયાસ સ્તુત્ય છે.

## શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમનો રિપોર્ટ.

( સં. ૧૯૭૫ શ્રાવણથી સં. ૧૯૭૭ અશાડ સુધીનો )

આ રિપોર્ટ મળતાં તે સાદ્યંત વાંચી જોયો છે. રિપોર્ટના પાના ૧૨૪ છે, પણ તેનો મોટો ભાગ સહાયકોના નામોએ અને હીશાબે રોકયો છે. આવા સાર્વજનિક ખાતાના રિપોર્ટમાં તેની પણ ખાસ જરૂર છે. રિપોર્ટ પ્રારંભના ૧૧ પાનામાં છે. તે ધ્યાનપૂર્વક વાંચવા લાયક છે. ખાતું ઘણુંજ ઉત્તમ છે અને જરૂરીયતવાળું છે. દ્રવ્યવાનોએ ખાસ સહાય આપવા જેવું છે. ધાર્મિક શિક્ષણ ને ક્રિયા ઠીક કરાવાય છે. પાલીતાણા યાત્રા કરવા આવનાર બંધુઓએ મુલાકાત લેવા લાયક છે. તેના સંચાલકો-કમીટી સેક્રેટરીઓ વિગેરે જૈન સમુદાયમાં નામાંકિત ગણાતા ગૃહસ્થો છે. તદુપરાંત ભાવનગરનિવાસી મી. કુંવરજી મુળચંદ ઘણો પ્રશંસાપાત્ર ભોગ આપે છે. પાલીતાણા નજીક હોવાથી વારંવાર ત્યાં જઈને સંભાળ રાખે છે. તેમને ખરેખરો ધન્યવાદ ઘટે છે. વાર્ષિક બારથી તેર હજારના ખર્ચવાળું આ ખાતું છે. તેને વધારવાની બહુજ જરૂર છે, અને સ્થાયી ફંડમાં સાંભળ્યો હતો તેવો વધારો થઈ જાય તો પછી બીજી આવકોથી આ ખાતું સારૂં વધવા સંભવ છે. અમે આ ખાતાની સંપૂર્ણ ફતેહ ઇચ્છીએ છીએ.

---

**નવા લાઇફ મેમ્બર.**

૧ શા. ભગવાનદાસ બકોરદાસ. ભાવનગર. ૨ શા. ફતેચંદ અમીચંદ. ભાવનગર.
૩ વાસા. લલુભાઇ પીતાંબર. શીહોર. હાલ મુંબઈ.
૪ શા. મણિલાલ નાગરદાસ. લીંબડી. હાલ કલકત્તા.

**પહેલા વર્ગના મેમ્બર.**

૫ શા ઉમાભાઇ જેઠાલાલ. અમદાવાદ.

# લાઈફ મેમ્બરોને એક સાથે લાભ.

## નીચે જણાવેલી બે બુકો વગર કિંમતે ભેટ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી શાંતિનાથ ચરિત્ર ભાષાંતર. | ૨—૦-૦ |
| ૨ | વિનોદકારી કથાઓનો સંગ્રહ. | ૦-૧૨-૦ |

## નીચેની બુકો ને ગ્રંથો દરેક લખેલી કિંમતમાંથી એકેક રૂપીઓ ઓછો લઇને આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૩ | શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા ભાષાંતર. ભાગ ૧ લો. | ૩-૦-૦ |
| ૪ | શ્રી ધન્યકુમાર ચરિત્ર ભાષાંતર. | ૨-૮-૦ |
| ૫ | શ્રી પરિશિષ્ટ પર્વ ( પૂર્વાચાર્યોના ચરિત્ર ) ભાષાંતર. | ૧-૮-૦ |
| ૬ | શ્રી ઉપદેશ કલ્પવલ્લી ભાષાંતર. | ૧-૮-૦ |
| ૭ | શ્રી ઉપદેશ પ્રાસાદ ગ્રંથ. મૂળ. વિભાગ ૩ જો. સ્થંભ ૧૩ થી ૧૮. | ૨-૮-૦ |
| ૮ | શ્રી વૃહત ક્ષેત્ર સમાસ. મોટી ટીકા યુક્ત. | ૩-૪-૦ |

પાછલા સંસ્કૃત બે ગ્રંથો લેવાની ઈચ્છા ન હોય તેમણે ના લખી મોકલવી. કિંમત ઉપરાંત પોસ્ટેજ, વેલ્યુ૦ રજીષ્ટર ખર્ચ જણવો. રેલવે સ્ટેશનવાળાને રેલવે પાર્સલથી મોકલી રસીદ વેલ્યુ૦ કરવામાં આવશે. તેમને ખર્ચ ઓછો લાગશે.

લાભ લેવાની ઇચ્છાવાળા બંધુઓએ પત્ર લખવાની તસ્દી લેવી.

## વાર્ષિક મેમ્બરોને લાભ.

ઉપર જણાવેલી પ્રથમની બે બુકો ભેટ આપવામાં આવશે અને ત્યારપછીની ચાર બુકો ને બે ગ્રંથો પોણી કિંમતે આપવામાં આવશે. પોસ્ટેજ વિગેરે ખર્ચ જુદું.

લાભ લેવામાં પ્રમાદ કરશે તે લાભ ખોઇ બેસશે.

—:*:—

## પ્રતિક્રમણના હેતુ.

આવૃત્તિ બીજી. કિંમત આઠ આના.

આ બુક શ્રાવક વર્ગ માટે અત્યંત ઉપયોગી છે. તેમાં પ્રતિક્રમણના આરંભથી છેવટ સુધીના દરેક સૂત્રો શા હેતુથી કહેવામાં આવે છે તે તથા તે સંબંધી સમજણ સાથે બીજી અનેક બાબતો સમાવેલી છે. પ્રતિક્રમણ શબ્દના આઠ પર્યાય ઉપર આઠ કથાઓ આપેલી છે. આ એક ગ્રંથનું ભાષાંતર છે, પરંતુ તેમાં સમયોચિત વિવરણ સારી રીતે આપેલ છે. સાધુ સાધ્વીને પણ ઉપયોગી થઇ પડે તેમ છે. આ બુક વાંચ્યા પછી પ્રતિક્રમણ કરવામાં ઓર આનંદ આવે તેમ છે, અને તે વાંચ્યા વિનાનું પ્રતિક્રમણ લુખું લાગે તેમ છે. નકલ માત્ર ૫૦૦ છપાવી છે. કાગળ ને છપાવવાની મોંઘવારી છતાં કિંમત વધારવામાં આવી નથી, દરેક બંધુ ખરીદ કરી શકે તેવીજ રાખવામાં આવી છે. મંગાવો ને લાભ લ્યો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.